dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 | Issue-05 | AD - 2026, Bhadarva Vad-10 | Monday, Dt. 05-10-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### કાચા તેલની કુલ આયાતમાં રશિયાની ભાગીદારી આશરે ૫૨ ટકા જેટલી

# રશિયા પાસેથી જ ભારત કાચા તેલની ખરીદી કરશે : એસ. જયશંકર

નવી દિલ્હી,તા.૦૪

રશિયા પાસેથી કાચા તેલની ખરીદીને લઈને ભારતે પોતાનો રુખ સ્પષ્ટ કરી દીધો છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે શનિવારે વિદેશ મંત્રાલયની સલાહકાર સમિતિની બેઠકમાં જણાવ્યું કે રશિયાનું કાચુ તેલ ભારતના એનર્જી મિક્સનો એક ભાગ બની રહેશે. બેઠકમાં ભારત અને રશિયા વચ્ચેના સંબંધો, યુક્રેનમાં ચાલી રહેલુ યુધ્ધ તેમજ દેશની ઉર્જા જરૂરિયાતો અને પુરવઠા સાથે જોડાયેલા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી અંગે ભારત પર વિવિધ દેશોના દબાણ વચ્ચે આ નિવેદનને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.બેઠકમાં સાંસદો સાથે રશિયા ઉપર ભારતની કાચા તેલ માટેની નિર્ભરતા અને યુક્રેન યુધ્ધને સમાપ્ત કરવા માટે ભારતની ભુમિકા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. એસ. જયશંકરે જણાવ્યું કે બહારથી દબાણ હોવા છતાં નવી દિલ્હી મોસ્કો સાથે પોતાના સંબંધો જાળવી રાખવા માટે પ્રતિબધ્ધ છે. ભારત અને રશિયા વચ્ચેના સંબંધો માત્ર ઉર્જા પુરવઠા પુરતા મર્યાદિત નથી પરંતુ વેપાર, રોકાણ, કનેક્ટિવિટી, સંસ્કૃતિ અને લોકો વચ્ચેના સંબંધો સહિત અનેક ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે મહત્વનું જોડાણ છે. બેઠકમાં જણાવ્યા મુજબ ભારતની કાચા તેલની કુલ આયાતમાં રશિયાની ભાગીદારી આશરે ૫૨ ટકા જેટલી છે. યુક્રેન યુધ્ધને કારણે પશ્ચિમ એશિયાના પરંપરાગત ઉર્જા સપ્લાય કરનારા દેશો ઉપર પણ અસર જોવા મળી રહી છે. આવી પરિસ્થિતિમાં રશિયા પાસેથી મળતુ કાચુ તેલ ભારતની ઉર્જા જરૂરિયાતો પુરી કરવામાં મહત્વપૂર્ણ બની રહ્યુ છે. ભારત માટે ઉર્જા સુરક્ષા અને



સતત પુરવઠો જાળવવો મહત્વનો મુદ્દો હોવાથી રશિયન તેલની ખરીદી ચાલુ રાખવાનો નિર્ણય મહત્વનો માનવામાં આવી રહ્યો છે. બીજી તરફ રશિયા પાસેથી તેલ ખરીદતા દેશો સામે અમેરિકાના સંભવિત ૧૦૦ ટકા ટેરિફના પ્રસ્તાવ વચ્ચે ભારતનું આ વલણ સામે આવ્યું છે. આમ છતાં ભારતે પોતાના રાષ્ટ્રીય હિત અને ઉર્જા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રશિયા સાથેના સંબંધો આગળ વધારવાના સંકેત આપ્યા છે. બેઠકમાં એ બાબતની પણ ચર્ચા કરવામાં આવી કે યુક્રેનમાં યુધ્ધ ચાલુ હોવા છતાં કેટલાક યુરોપિયન દેશો પણ પોતાની ઉર્જા જરૂરિયાતનો અમુક હિસ્સો રશિયા પાસેથી આયાત કરી રહ્યા છે. યુક્રેન યુધ્ધ ને લઈને ભારતે ફરી એકવાર પોતાનું વલણ સ્પષ્ટ કરતા કહ્યું કે સંઘર્ષનો અંત લાવવા માટે વાતચીત અને કૂટનીતિ જ આગળ વધવાનો માર્ગ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન તેમજ યુક્રેનના નેતૃત્વ સાથે પણ વાતચીત કરી ચુક્યા છે. ભારત સતત બંને પક્ષો વચ્ચે સંવાદ અને કૂટનીતિ દ્વારા યુધ્ધનો ઉકેલ લાવવાના પક્ષમાં રહ્યુ છે.




# યુપીમાં વરસાદ અટક્યો છતાં નદીઓ તોફાની, ૪૦ હજારથી વધુ ઘરોમાં પાણી

**બિહારમાં પૂરથી ૨૭નાં મોત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાંથી ચોમાસાની વિદાય**

નવી દિલ્હી,તા.૦૪

લખનઉ સહિત ઉત્તર પ્રદેશમાં વરસાદ અટકી ગયો છે, પરંતુ નદીઓ હજુ પણ તોફાની વેગે વહી રહી છે. રાજ્યના ૧૧ જિલ્લાઓમાં ૧૦ નદીઓ જોખમના નિશાનથી ઉપર વહી રહી છે.

લખનઉમાં ગોમતી નદીનું જળસ્તર વધતા ૪૦ હજારથી વધુ ઘરોમાં પાણી ઘૂસી ગયું છે



અને ૧૦ હજાર લોકો ઘર છોડીને સુરક્ષિત સ્થળે જતા રહ્યા છે. શહેરની ગલીઓમાં હોડીઓ પણ ચાલી રહી છે. બિહારમાં પૂર સંબંધિત અલગ-અલગ ઘટનામાં અત્યાર સુધી ૨૭ લોકોનાં મોત થયા છે. સારણમાં પૂરના પાણીમાં ડૂબવાથી ૧૨ લોકોનાં મોત થયા છે અને ૨૦થી વધુ લોકો લાપતા છે. સિવાનમાં પણ પૂરના પાણીમાં ડૂબવાથી ૬ બાળકોના મોત થયા છે. બીજી તરફ રાજસ્થાનમાંથી લગભગ ત્રણ દિવસના વિલંબ બાદ શનિવારે ચોમાસાની સંપૂર્ણ વિદાય થઈ છે. પિલાણીમાં તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચ્યુ છે.

મધ્ય પ્રદેશમાંથી પણ ચોમાસું વિદાય થયુ છે, જોકે ૭ ઓક્ટોબરે પૂર્વ ભાગમાં ગાજવીજ સાથે હળવો વરસાદ થવાની સંભાવના છે.
















# નાની કુંકાવાવમાં સ્વ. બાવાલાલ મોવલીયાની સ્મૃતિમાં શાળાનું નવીનીકરણ કરાયું













અમરેલી,તા.૦૪

કુંકાવાવ તાલુકાના નાની કુંકાવાવ ગામે માધ્યમિક શાળાનું સંપૂર્ણ નવીનીકરણ, જીર્ણોધ્ધાર અને સુશોભનનું કાર્ય પૂર્ણ થતાં તા. ૦૪/૧૦/૨૦૨૬ના રોજ શાળા ગ્રામ પંચાયતને અર્પણ કરવામાં આવી હતી. ખોડલધામના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા અને જલ્પેશભાઈ મોવલીયાએ તેમના પિતા સ્વ. બાવાલાલભાઈ ભીખાભાઈ મોવલીયાની પાવન સ્મૃતિમાં શાળાનું નવીનીકરણ કરાવી શિક્ષણ ક્ષેત્રે સેવા કાર્ય હાથ ધર્યુ હતુ. આ પ્રસંગે રાજ્યના ઉર્જામંત્રી કૌશિક વેકરીયા વર્ચ્યુઅલ રીતે ઉપસ્થિત રહી મોવલીયા પરિવારને આ સેવા કાર્ય બદલ અભિનંદન પાઠવ્યા હતા.નાની કુંકાવાવ તથા આસપાસના વિસ્તારના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે ઉજ્જવળ ભવિષ્યની નવી તકો મળી રહે તેવા હેતુથી શાળાના નવીનીકરણનું કાર્ય કરવામાં આવ્યુ છે. શાળાની ઈમારતના નવીનીકરણ સાથે આકર્ષક રંગરોગાન કરવામાં આવ્યું છે. તેમજ શાળાના પરિસરમાં હરિયાળી વિકસાવવામાં આવી છે અને બાળકોને પ્રેરણા મળે તેવા વિવિધ ચિત્રો પણ દિવાલો ઉપર દોરવામાં આવ્યા છે. જેના કારણે શાળાનું વાતાવરણ વધુ સુંદર અને આકર્ષક બન્યુ છે.આવનારી પેઢીના સપનાઓને પાંખો આપતી શિક્ષણસેવાની આ નવી શરૂઆતના પ્રસંગે શિક્ષણવિદો, ગ્રામજનો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ મોવલીયા પરિવાર દ્વારા કરવામાં આવેલા આ સેવાકાર્યને આવકાર્યુ હતુ. સ્વ. બાવાલાલ મોવલીયાની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિના અવસરે તેમના પુત્રો દ્વારા શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવેલ આ સેવાકાર્યને ગ્રામજનો દ્વારા બિરદાવવામાં આવ્યુ હતુ. શિક્ષણના માધ્યમથી ગ્રામ્ય વિસ્તારના બાળકોના ભવિષ્યને વધુ ઉજ્જવળ બનાવવાના આ પ્રયાસને સૌએ પ્રશંસનીય ગણાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉદયભાઈ દેસાઈએ કર્યુ હતું.

**મોવલીયા પરિવારે માધ્યમિક શાળાનું સંપૂર્ણ રિનોવેશન કરી ગ્રામ પંચાયતને અર્પણ કરી, ઉર્જામંત્રી કૌશિક વેકરીયાએ અભિનંદન પાઠવ્યા**

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૯૫મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને સર્વરોગ કેમ્પ યોજાશે

ચલાલા,તા.૦૪



ચલાલા ખાતે યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા આગામી ૧૪ ઓક્ટોબર ૨૦૨૬, બુધવારના રોજ ગાયત્રી સંસ્કાર કેન્દ્રમાં ૨૯૫મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ તથા ભાયાણી પરિવાર (યુ.કે.)ના સહયોગથી આયોજિત આ કેમ્પમાં નિષ્ણાંત તબીબો સેવા આપશે. આ કેમ્પમાં દાંતના રોગો તેમજ શ્વાસ, ડાયાબિટીસ, હરસ-મસા અને વા જેવા વિવિધ રોગોની વિનામૂલ્યે તપાસ કરી દવા આપવામાં આવશે. આ ઉપરાંત, જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે ફેકો પધ્ધતિથી મોતિયાનું ઓપરેશન કરી નેત્રમણી મૂકી અદ્યતન સારવાર આપવામાં આવશે, જેના માટે દર્દીઓએ આધારકાર્ડની ત્રણ નકલ સાથે લાવવાની રહેશે. દર મહિનાના બીજા બુધવારે યોજાતા આ નિઃશુલ્ક સેવા કેમ્પનો ચલાલા અને આસપાસના ગ્રામજનો વધુમાં વધુ લાભ લેવા સંસ્થાના વડા ડો. રતિદાદાએ આહ્વાન કર્યું છે.

# લાઠીના શેખપીપરીયા-કેરીયા રોડ પર તળાવ પાસેથી બાઈકમાં થતી દારૂની ખેપ ઝડપાઈ

**પોલીસે બાઈક અને દારૂની બોટલો મળી કુલ રૂ. ૩૫,૪૭૦નો મુદ્દામાલ જપ્ત કર્યો**

અમરેલી,તા.૦૪

લાઠીના શેખપીપરીયા-કેરીયા રોડ પર આવેલા તળાવ પાસેથી બાઈકમાં થતી દારૂની ખેપ ઝડપાઈ હતી. મૂળ મધ્યપ્રદેશના અને હાલ હાથીગઢ ગામની સીમમાં વાડીએ રહેતા લાલુભાઈ મુકામભાઈ પચાયા (ઉં.વ.૩૧) તથા રાજેશભાઈ બુધલીયાભાઈ સિંગાડ (ઉં.વ.૩૨) પોતાના હવાલાવાળા બાઈક પરથી પસાર થતા હતા, ત્યારે પોલીસે તેમને અટકાવી તલાશી લેતાં ભારતીય બનાવટના વિદેશી (ઈંગ્લિશ) દારૂની ૯૧ બોટલ મળી આવી હતી. પોલીસે બાઈક અને દારૂની બોટલો મળી કુલ રૂ. ૩૫,૪૭૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# ગેરકાયદે સિંહ દર્શન કરાવવાની ના પાડતાં ફોરેસ્ટરને જાનથી મારવાની ધમકી આપી

**ચલાલા-ગોપાલગ્રામ રોડ પર આવેલ ગુરુકુલ પાસે ઘટના બની**

ચલાલા, તા.૦૪

ચલાલા-ગોપાલગ્રામ રોડ પર આવેલા ગુરુકુલ પાસે ગેરકાયદે સિંહ દર્શન કરાવવાની ના પાડતાં ફોરેસ્ટરને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે ધારીના વેકરીયાપરા ખાતે ફોરેસ્ટ કોલોનીમાં રહેતા ફોરેસ્ટર શિવરાજભાઈ રામભાઈ ધાધલ (ઉં.વ.૪૨)એ ઝર ગામના અસીમભાઈ શાપભાઈ ઉર્ફે ગુલાબભાઈ લલીયા, તોસીફ લલીયા તથા એક અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફોરેસ્ટર તેમની કાયદેસરની ફરજ પર હતા, તે સમયે આરોપીઓ પોતાની ફોર્ચ્યુનર ગાડી લઈને આવ્યા હતા અને ગેરકાયદેસર સિંહ બતાવવા કહ્યું હતું. તેમણે સિંહ બતાવવાની ના પાડતાં આરોપીઓએ ઉગ્ર થઈને તેમની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઊભી કરી ગાળો આપી ગર્ભિત ધમકીઓ આપી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હાથની કલાઈ પર મૂઢ ઈજા પહોંચાડી હતી. આ અંગે ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ દીપભાઈ અમરૂભાઈ વાળા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલીમાં પૂર્વ સૈનિકો અને શહીદોના પરિવારજનોનું સંમેલન યોજાયું

અમરેલી,તા.૦૪



અમરેલીમાં પૂર્વ સૈનિકો, દિવંગત સૈનિકોના પરિવારજનો અને શહીદોના આશ્રિતોનું સંમેલન યોજાયુ હતું. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે યોજાયેલા કાર્યક્રમમાં સાંસદ ભરત સુતરિયા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પૂર્વ સૈનિકોની પત્નીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સાંસદ ભરત સુતરિયાએ શહીદ સૈનિકો અને પૂર્વ સૈનિકોના પરિવારના કલ્યાણ માટે પોતાના એક માસનો પગાર રૂ. ૨.૨૮ લાખ આપવાની જાહેરાત કરી હતી. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે પણ સૈનિકોના પરિવારને મદદ કરવાની ખાતરી આપી હતી. કોઈપણ સમસ્યા હોય તો વહીવટીતંત્રનો સંપર્ક કરવા જણાવ્યુ હતું. કાર્યક્રમમાં એન.સી.સી. કેડેટ્સ દ્વારા નાટ્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. દાતાઓ રોહિતભાઈ ચોવટિયા, દિનેશભાઈ ભુવા તથા વરિષ્ઠ સૈનિક વિનોદભાઈ મહેતાનું સન્માન કરાયુ હતું.

**સૈનિક પરિવાર માટે સાંસદની લાગણીને લોકોએ વધાવી**

અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાએ પૂર્વ સૈનિક પરિવાર માટે યોજાયેલા કાર્યક્રમમાં અનોખો ચીલો ચિતર્યો છે. સરકાર તરફથી મળતો પગાર તેણે પૂર્વ સૈનિક અને શહીદ પરિવાર માટે વાપરવાનો સરાહનીય નિર્ણય કર્યો છે. અંદાજે રૂા.બે લાખ કરતા વધારે પગાર તેમણે પૂર્વ સૈનિક અને શહીદ પરિવાર માટે આપવાનો નિર્ણય કર્યો છે. આ અંગે સાંસદે જણાવ્યું હતું કે જો હજુ પણ સૈનિક પરિવારો માટે કઈ કરવુ પડશે તો તે કરવાની મારી તૈયારી છે.

# અમરેલી જિલ્લામાં તાલુકાકક્ષાના કલા મહાકુંભનું ભવ્ય આયોજન

**૭ થી ૧૮ ઓક્ટોબર સુધી વિવિધ તાલુકામાં સ્પર્ધાઓ યોજાશે, સવારે ૮.30 કલાકે થશે પ્રારંભ**

અમરેલી,તા.૦૪

ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર અમરેલીની રાહબરી હેઠળ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી દ્વારા તાલુકાકક્ષાના કલા મહાકુંભનું આયોજન કરવામાં આવનાર છે. અમરેલી તાલુકામાં તા.૧૮ ઓક્ટોબરે વિદ્યાસભા, લાઠી રોડ ખાતે સ્પર્ધા યોજાશે. બાબરા અને બગસરામાં તા.૯ ઓક્ટોબર, કુંકાવાવમાં તા.૭ ઓક્ટોબર, રાજુલામાં તા.૧૦ ઓક્ટોબર, જાફરાબાદમાં તા.૧૨ ઓક્ટોબર, ખાંભામાં તા.૧૦ ઓક્ટોબર, ધારીમાં તા.૧૦ ઓક્ટોબર, સાવરકુંડલામાં તા.૧૧ ઓક્ટોબર, લીલીયામાં તા.૧૬ ઓક્ટોબર અને લાઠીમાં તા.૯ ઓક્ટોબરે સ્પર્ધા યોજાશે. દરેક તાલુકામાં સ્પર્ધાનો પ્રારંભ સવારે ૮.૩૦ કલાકે કરવામાં આવશે. એન્ટ્રી કરેલ તમામ સ્પર્ધક કલાકારોએ દર્શાવેલ તારીખ મુજબ પોતાના તાલુકાના સ્થળે હાજર રહેવાનું રહેશે. જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં આ અંગે જણાવાયું છે.










# સાવરકુંડલામાં રાતલડી નવરાત્રી મહોત્સવમાં રાસ-ગરબાની રમઝટ બોલી

અમરેલી,તા.૦૪

સાવરકુંડલા શહેરમાં લાયન્સ ક્લબ ઓફ સાવરકુંડલા દ્વારા શામજીબાપુ ઉપવન વાડી ખાતે રાતલડી વેલકમ નવરાત્રી મહોત્સવ ૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. નવરાત્રીના આ આયોજનમાં શહેરના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને ગરબાની રમઝટ સાથે સમગ્ર વાતાવરણ ઉત્સાહભેર બની ગયુ હતું. આયોજનને સફળ બનાવવા મુખ્ય સ્પોન્સર રસિકભાઈ વેકરીયા, હિરેનભાઈ વેકરીયા તેમજ ઈનામોના દાતા સુર્યા ઢોસા, હર્ષભાઈ કોરાટ અને ગોકુલ જવેલર્સ દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો. ગોકુલ જવેલર્સ તરફથી લકી ડ્રોનું સુંદર આયોજન કરવામાં આવ્યુ હતુ અને ત્રણ વિજેતાઓને ગોલ્ડ કોઈનના ઈનામ આપવામાં





આવ્યા હતા. અન્ય દાતાઓ દ્વારા પણ કાર્યક્રમમાં સહયોગ આપવામાં આવ્યો હતો.આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, પૂર્વ ગવર્નર વસંતભાઈ મોવલિયા, સેકન્ડ વાઈસ ગવર્નર જયકિશનભાઈ દેવાણી, નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પ્રકાશભાઈ પાનસુરીયા, કૌશિકભાઈ હપાણી, વિજયભાઈ વસાણી, સુરેશભાઈ દેસાઈ, રમેશભાઈ કાથરોટીયા, કરસનભાઈ ડોબરીયા, દેવચંદભાઈ કોપોપરા, પ્રતિકભાઈ નાકરાણી, દિપકભાઈ બોઘરા, અમિતભાઈ પંડયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં લાયન્સ ક્લબના પ્રમુખ હિતેશભાઈ નિમ્બાર્ક, ઉપપ્રમુખ વિમલભાઈ વ્યાસ, મંત્રી હિરેનભાઈ માળવી, ખજાનચી દેવાંગભાઈ સેલાણી તેમજ તમામ લાયન્સ સભ્યો, મીડિયા મિત્રો અને પોલીસ સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર આયોજનને સફળ બનાવવા લાયન્સ ક્લબના સભ્યોએ સારી એવી જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમ દરમિયાન દાતાઓ અને સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. લાયન્સ સભ્ય જીગ્નેશ ગળથીયાએ આ આયોજન અંગેની માહિતી આપી હતી.

**લાયન્સ ક્લબ દ્વારા યોજાયેલા ગરબા મહોત્સવમાં અગ્રણીઓ, દાતાઓ, સભ્યો અને નગરજનો ઉપસ્થિત રહ્યા**

# ‘સ્વચ્છ અમરેલી, હરિત અમરેલી’ના સંકલ્પ સાથે પાલિકા પ્રમુખ, કલેકટરે શ્રમદાન કર્યુ

અમરેલી, તા.૦૪

રાજ્ય સરકાર દ્વારા દર માસના પ્રથમ રવિવારે સઘન સફાઈ, ‘કેચ ધ રેઈન’ અંતર્ગત જળસંચય તથા વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવે છે. જેના ભાગરૂપે અમરેલીના રાજમહેલ પરિસરમાં કાર્યક્રમ યોજાયો હતો. નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા અને કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં



રાજમહેલ તથા જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કચેરી આસપાસ સઘન સફાઈ કરવામાં આવી હતી. તાલુકા પંચાયત અને નગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ, વિવિધ સંગઠનોના પ્રતિનિધિઓ તેમજ નાગરિકોએ શ્રમદાન કરી સફાઈ કામગીરીમાં જોડાયા હતા. આ દરમિયાન પરિસરમાં વધેલુ ઘાસ પણ દુર કરવામાં આવ્યું હતું. ચૂંટણીપંચના ઈ.વી.એમ. વેરહાઉસ ખાતે વડનું વૃક્ષ વાવવામાં આવ્યું હતું. ‘ક્લિન-અપ અમરેલી’ના સ્વયંસેવકો તેમજ નગરપાલિકાના સફાઈ કર્મચારીઓ પણ કામગીરીમાં જોડાયા હતા. સફાઈ દરમિયાન એકત્ર થયેલા કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવ્યો હતો.

# બગસરાના ડેરી પીપરીયામાં રૂ. ૨.૦૫ કરોડથી વધુના વિકાસકામોનું ખાતમુહૂર્ત

બગસરા,તા.૦૪

બગસરા તાલુકાના ડેરી પીપરિયા ગામે રૂ. ૨.૦૫ કરોડથી વધુના લોકહિતના વિકાસકામોનું ભવ્ય ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ડેરી પીપરીયાથી નવા પીપરીયા તથા નવા પીપરીયાથી માવજીંજવા સુધીના આર.સી.સી. એપ્રોચ રોડનું અંદાજીત રૂ. ૧.૮૦ કરોડના ખર્ચે તેમજ રૂ. ૨૫



લાખના ખર્ચે તૈયાર થનાર ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે ધારાસભ્ય જે.વી. કાકડિયા, અમરેલી જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન પ્રતિનિધી પ્રદીપભાઈ ભાખર, બગસરા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન ભાવેશભાઈ ગોધાણી, તાલુકા પ્રમુખ વિપુલભાઈ ભેંસાણીયા, ડેરી પીપરીયાના સરપંચ નિહારભાઈ માલવીયા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં ગ્રામજનો, વડીલો અને યુવાનો પણ કાર્યક્રમમાં જોડાયા હતા.

**રાજયમંત્રી કૌશિક વેકરીયાની વિશેષ ઉપસ્થિતિમાં**

# અમરેલીના નાના આંકડીયા ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

**રાજયમંત્રીએ વિવિધ વિભાગોના સ્ટોલની મુલાકાત લીધી**

અમરેલી,તા.૦૪

ગુજરાત સરકારના પ્રજાભિમુખ અભિગમ અંતર્ગત નાગરિકોના વહીવટી પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ અને સરકારી યોજનાઓનો લાભ મળી રહે તે માટે અમરેલી તાલુકાના નાના આંકડીયા મુકામે સેવા સેતુ (ગ્રામ્ય) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ મુલાકાત લીધી હતી. તેમણે કાર્યક્રમનું નિરીક્ષણ કરી અરજદારો અને ગ્રામજનો સાથે વાર્તાલાપ કર્યો હતો. રાજ્યમંત્રીએ વિવિધ વિભાગોના સ્ટોલની



મુલાકાત લીધી હતી અને ખાસ કરીને ICDSના સ્ટોલ પર પોષણયુક્ત વાનગીઓ, પૂર્વ પ્રાથમિક શિક્ષણના સાધનો તેમજ યોજનાઓની માહિતી મેળવી હતી. આંગણવાડી કાર્યકરો, સુપરવાઈઝરો અને અધિકારીઓ સાથે બાળકો તથા સગર્ભા માતાઓ સુધી પોષણ અભિયાનના લાભો પહોંચાડવા અંગે ચર્ચા કરી હતી. કેમ્પમાં આધારકાર્ડ, રેશનકાર્ડ, આવકના દાખલા અને આયુષ્માન કાર્ડ સહિતની સેવાઓનો ગ્રામજનોએ લાભ લીધો હતો. કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, પદાધિકારીઓ, અધિકારીઓ અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લામાં ત્રણ વ્યક્તિના વિવિધ કારણોસર મોત નિપજ્યા

અમરેલી, તા.૦૪

અમરેલી જિલ્લામાં અકસ્માત અને આત્મહત્યા જેવા જુદા જુદા બનાવોમાં ત્રણ વ્યક્તિના મોત નીપજ્યા હતા.

મૂળ મધ્ય પ્રદેશના અને હાલ લાઠીના ભીંગરાડ ગામે વાડીએ રહેતા દિનેશભાઈ ફતુભાઈ મોહનીયા (ઉ.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, નરૂભાઈ ફતુભાઈ મોહનીયા (ઉ.વ.૨૭)નું ઈગોરાળા ગામ જવાના રસ્તે તળાવના પાણીમાં ડૂબી જવાથી મોત થયું હતું. બીજા બનાવમાં વિનેશભાઈ દુદાભાઈ ચૌહાણ (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, ચાંચ ગામે રહેતા ભોજાભાઈ દુદાભાઈ ચૌહાણ (ઉ.વ.૪૫)નું ગળાફાંસો ખાઈ લેવાના કારણે મોત થયું હતું. ત્રીજા બનાવમાં બાબરાના પાનસડા ગામે રહેતા જેરામભાઈ રમેશભાઈ ટોળીયા (ઉ.વ.૨૬) એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા રમેશભાઈ દેવશીભાઈ ટોળીયા (ઉ.વ.૫૭) માલઢોરના વાડામાં પાણીની ટાંકી ભરતા હતા, તે વખતે ચક્કર આવતાં પડી જવાથી જમીન પર પડેલો પથ્થર માથાના પાછળના ભાગે વાગતાં તેમનું મરણ થયું હતું.


શું તમને સાંભળવાની તકલીફ છે ?

નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ

બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ | રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી | બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત




અવતાર

સ્પીચ અને હિયરીંગ ક્લિનીક

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


# કુંકાવાવમાં ‘આપણી આંગણવાડી આપણી જવાબદારી’ થીમ હેઠળ પોષણ માસની ઉજવણી

અમરેલી,તા.૦૩

આઈ.સી.ડી.એસ. કુંકાવાવ ઘટક દ્વારા નવમા રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત ‘આપણી આંગણવાડી આપણી જવાબદારી’ થીમ સાથે વિવિધ જાગૃતિ પ્રવૃત્તિઓ અને ‘આંગણ ઉત્સવ’ની ઉજવણી કરવામાં આવી હતી. સગર્ભા માતાઓની ગૃહ મુલાકાત લઈ શિશુ આહાર અને બાળ ઉછેરમાં પુરુષોની ભાગીદારી અંગે પરામર્શ કરવામાં આવ્યો હતો.



બાળકો અને કિશોરીઓના પોષણ, એનિમિયા નિવારણ અને આરોગ્યપ્રદ જીવનશૈલી અંગે માહિતી આપવામાં આવી હતી. આંગણવાડી કેન્દ્રોમાં પૂરક પોષણ આહાર, પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને આરોગ્ય સેવાઓ અંગે વાલીઓને માર્ગદર્શન અપાયું હતું. ૩ થી ૬ વર્ષના બાળકો માટે ‘આનંદ અને ઉમંગના રંગો’ વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓ માટે ‘પોષણ માહ’ અને ‘પોષણ થાળી’ વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી.

# રાજુલામાં ખેલ મહાકુંભ અંતર્ગત તાલુકા કક્ષાની ચેસ સ્પર્ધા યોજાઈ

રાજુલા,તા.૦૪

ગુજરાત સરકારના ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત રાજુલા તાલુકા કક્ષાની ચેસ સ્પર્ધા તા. ૨૯ સપ્ટેમ્બરના રોજ યોજાઈ હતી. સ્પર્ધામાં જતિન ચૌહાણે શાનદાર રમત અને વ્યૂહાત્મક વિચારશક્તિનું પ્રદર્શન કરી પ્રથમ સ્થાન મેળવી ચેમ્પિયનનો ખિતાબ મેળવ્યો હતો. જ્યારે વિપુલભાઈ લહેરીએ ઉત્તમ પ્રદર્શન સાથે દ્વિતીય



સ્થાન મેળવી રનર-અપ બન્યા હતા. વિજેતાઓને રમતપ્રેમીઓ અને શુભેચ્છકોએ અભિનંદન પાઠવ્યા હતા.




અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.

લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૭૩/૨૦૨૬ — તા.૨૫/૦૫/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. ગોઠડીયા રામજીભાઈ મોહનભાઈ
રહે.એ.૧૮, નિધી પાર્ક સોસાયટી, રતનબા વિદ્યાલયની બાજુમાં,
ઠક્કરબાપાનગર, અમદાવાદ

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી પિયાવા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી રામજીભાઈ મોહનભાઈ ગોઠડીયાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૨ ના રોજ મુ.પિયાવા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય , અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર

Dream Family spa
Ladies & Gents

ડ્રીમ ફેમેલી સ્પા
લેડીઝ/જેન્ટસ



ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ

બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ

કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ

Appointment Now Mo.8160832025

ADDRESS : સાવરકુંડલા ચોકડી, રીંગ રોડ, RTO Office ની બાજુમાં, અમરેલી - 365601.

રાજ્યમંત્રી કૌશિક વેકરીયા અને કલેક્ટર વિકલ્પ ભારદ્વાજની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો

# અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ પેદાશોના ત્રણ વેચાણ કેન્દ્રોનું લોકાર્પણ

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને યોગ્ય બજાર અને આર્થિક સશક્તિકરણ મળે તેમજ નાગરિકોને શુધ્ધ અને રસાયણમુક્ત ખોરાક મળી રહે તે હેતુથી પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ કેન્દ્રોના પ્રારંભનો કાર્યક્રમ અમરેલીના ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે યોજાયો હતો. કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયા તથા જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં ગાંધીનગર ખાતેથી પ્રાકૃતિક કૃષિ ખેત પેદાશોના વેચાણ કેન્દ્રોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યુ હતું.

રાજ્ય સરકારના પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં કુલ ૧૧ વેચાણ કેન્દ્રોનું માળખું તૈયાર કરવામાં આવ્યું છે.



જેમાંથી જિલ્લા કક્ષાના ૩ કેન્દ્રોનું લોકાર્પણ થતા ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. આ કેન્દ્રોના માધ્યમથી ખેડૂતો પોતાની ઉપજ સીધી ગ્રાહકો સુધી પહોંચાડી શકશે અને વચેટિયા વગર વેચાણ કરી શકશે.કાર્યક્રમ પૂર્વે રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ અન્ય મહાનુભાવો સાથે નાગનાથ મંદિર નજીક આવેલા 'પ્રાકૃતિક કૃષિ ખેત ઉત્પાદન વેચાણ કેન્દ્ર' (ABLL FPO)ની મુલાકાત લીધી હતી.




તેમણે ખેડૂતો દ્વારા વેચાણ માટે લાવવામાં આવેલી તાજી શાકભાજી, મોસમી ફળો અને અનાજનું નિરીક્ષણ કરી ખેડૂતોની મહેનતની પ્રશંસા કરી હતી. ગાંધીનગર ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમનું અમરેલી ખાતે વિશાળ સ્ક્રીન પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યુ હતું. ખેડૂતો અને ઉપસ્થિત લોકોએ તેનો લાભ લીધો હતો.નવા વેચાણ કેન્દ્રોથી ખેડૂતોને તેમની ઉપજનો યોગ્ય ભાવ મળવાની સાથે ગ્રાહકોને શુધ્ધ અને રસાયણમુક્ત ખોરાક સરળતાથી મળી શકશે. કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધી જયંતીએ ચલાલામાં જે.વી. કાકડીયાએ ખાદીની ખરીદી કરી

ચલાલા, તા.૦૪

ગાંધી જયંતી નિમિત્તે ધારી-બગસરા-ખાંભાના ધારાસભ્ય જે.વી. કાકડીયાએ પંડ્યા ખાદી કાર્યાલય ખાતે ખાદીની ખરીદી કરી ગાંધીજીના વિચારોને જીવનમાં ઉતારવાનો સંદેશ આપ્યો હતો. તેમણે મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી નમન કર્યું હતું.



ત્યારબાદ ખાદીની ખરીદી કરી સ્વદેશી, સ્વાવલંબન અને આત્મનિર્ભરતાની ભાવનાને પ્રોત્સાહન આપવાનો અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે શહેર ભાજપના આગેવાનો, કાર્યકરો તથા નગરપાલિકાના પ્રમુખ અને સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્યએ સત્ય, અહિંસા અને સ્વદેશીના ગાંધીજીના વિચારોને દૈનિક જીવનમાં અમલમાં મૂકવા અપીલ કરી હતી. પંડ્યા ખાદી કાર્યાલયના સંચાલકોએ ઉપસ્થિત આગેવાનોનું સ્વાગત કરી સન્માન કર્યું હતું.

# અમરેલી જિલ્લા સેવા સદન અને રાજમહેલ કંપાઉન્ડમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાઈ

અમરેલી,તા.૦૪

અમરેલીમાં મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે જિલ્લા મહેસૂલ તંત્ર દ્વારા જિલ્લા સેવા સદન અને ઐતિહાસિક રાજમહેલ કંપાઉન્ડ ખાતે સઘન સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ હતી. અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર શ્રમદાન કરી કચેરીઓ, જાહેર માર્ગો તથા ખુલ્લી જગ્યાઓમાં




સફાઈ કરી હતી. તેમજ પ્લાસ્ટિક મુક્ત પરિસરનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે જિલ્લા સેવા સદન પરિસરમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાળવણીનો સંદેશ આપ્યો હતો. તેમણે સ્વચ્છતા સાથે આસપાસ હરિયાળી વધારવી પણ જરૂરી હોવાનું જણાવ્યું હતું. કાર્યક્રમમાં સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટર હર્ષિતા ગોયલ, નિવાસી અધિક કલેક્ટર એ.એ. ડોડિયા સહિત નાયબ કલેક્ટરો, મામલતદારો અને મોટી સંખ્યામાં મહેસૂલી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# 'આ દાર મારી વાડીમાં બનાવેલ છે જેથી તમો મોટર કાઢી નાખો' કહી ધમકી આપી

**ફુકાવાવના બરવાળા બાવીશી ગામની ઘટના**

વડિયા, તા.૦૪

વડિયાના બરવાળા બાવીશી ગામે 'આ દાર મારી વાડીમાં બનાવેલ છે, જેથી તમો મોટર કાઢી નાખો' તેમ કહી હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ બન્યો હતો. બનાવ સંદર્ભે નરેશભાઈ ગોવિંદભાઈ ભુવા (ઉ.વ.૫૫)એ હીરેનભાઈ અરજણભાઈ ભુવા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદીએ આજથી ત્રણ મહિના પહેલાં પોતાની વાડીમાં પાણીનો દાર કરાવી મોટર ઉતારાવી હતી. આ સમયે મોટર ઉતારવા આવેલા પ્રદીપભાઈ સગર વાડીએ હાજર હોવાથી આરોપીએ ત્યાં આવીને 'આ દાર મારી વાડીમાં બનાવેલ છે, જેથી તમે મોટર કાઢી નાખો' તેમ કહી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ત્યારબાદ આરોપીએ પોતાના હાથમાં રહેલી લોખંડની પાઈપ વડે એક ઘા જમણા પગે ગોઠણની નીચે મારી ઈજા પહોંચાડી હતી. ઉપરાંત પાઈપના ત્રણ ઘા ડાબા પગની પીંડીના ભાગે મારી મૂઢ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે વડિયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. બી.પી. ધાંધલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલીમાં કલા મહાકુંભની નવી સ્પર્ધાઓ જાહેર કરવામાં આવી

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે કલા મહાકુંભનું તાલુકા અને જિલ્લા કક્ષાએ આયોજન થનાર છે. આ વર્ષે વિવિધ સ્પર્ધાઓમાં કેટલાક મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે.

તાલુકા કક્ષાએ ચિત્રકલા અને ભરતનાટ્યમ ૨૧ થી ૫૯ વર્ષની વયજૂથમાં પણ યોજાશે. લોકગીત અને ભજન સ્પર્ધા અલગ રાખવામાં આવી છે. ગરબામાં અર્વાચીન અને પ્રાચીન ગરબા એમ બે શ્રેણી રહેશે. જિલ્લા કક્ષાએ સર્જનાત્મક કારીગરી અને કથ્થક સ્પર્ધા પણ ૨૧ થી ૫૯ વર્ષના કલાકારો માટે યોજાશે.

કુચીપુડી અને ઓડીસી નૃત્ય સ્પર્ધાઓ પણ આ વયજૂથમાં યોજાશે. વધુ માહિતી માટે કલાકારો તાલુકા કન્વીનર અથવા જિલ્લા કચેરીનો સંપર્ક કરી શકશે.

# બાબરાના ખાદી ભંડાર ખાતે ગાંધી જયંતીની ઉજવણી કરાઈ

બાબરા, તા.૦૪

મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે બાબરા શહેર ભાજપ દ્વારા ખાદી ભંડાર ખાતે બાપુને પુષ્પહાર અર્પણ કરી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે શહેર ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનો દ્વારા ખાદીની વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરવામાં આવી હતી. જેમાં



નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયા, પ્રતાપભાઈ ખાચર, ધર્મેશભાઈ વાવડીયા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મહાત્મા ગાંધીજીના સ્વદેશી અને ખાદીના વિચારો જન-જન સુધી પહોંચાડવા સંકલ્પ કરાયો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: દશમ
તા.૦૫-૧૦-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૧૫,
સૂર્યાસ્ત-૦૬:૦૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુષ્ય

## દૈનિક રાશિફળ

તા.૦૫-૧૦-૨૦૨૬ સોમવાર

મેષ: પારિવારિક અને આર્થિક બાબતોમાં ચાલતી સમસ્યાઓ ઉકેલાશે અને આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો પ્રગટશે. તમને વ્યવસાયમાં મોટી તક મળી શકે છે .

વૃષભ: ભાગીદારીમાં થઈ રહેલા કામથી લાભની સ્થિતિ ઊભી થશે. વિવાહિત જીવનમાં ઘણા દિવસોની સમસ્યા સમાપ્ત થઈ જશે અને તમે તહેવારની ખરીદી માટે પણ જઈ શકો છો.

મિથુન: સવારે ધાર્મિક યાત્રા પર જવાની યોજના હશે, પણ આકસ્મિક અન્ય કામ દ્વારા રદ કરી શકાય છે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો સાર્થક સાબિત થશે અને લોકોનો ટેકો મનને આનંદ કરશે.

કર્ક: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ક્ષેત્રમાં સખત મહેનત અને ધૈર્યથી તમને બધી સમસ્યાઓમાંથી મુક્તિ મળશે. પ્રતિકૂળતામાં નિર્ણય લેવાની ક્ષમતાનો વિકાસ થશે.

સિંહ: વ્યાવસાયિક સહયોગીઓ તમારી પાસેથી સલાહ અને માર્ગદર્શન પ્રાપ્ત કરશે, માન-સન્માન વધશે. આજે તમારું મન સરળ અને સાત્વિક કાર્યો છોડી શકે છે

કન્યા: રોજગાર મેળવવા માગતા યુવાનોને નવી તક મળશે. તમારો પ્રોજેક્ટ કાર્યક્ષેત્રમાં પૂર્ણ થશે, તે જોઈને વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે.

તુલા: કુટુંબનું વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે અને આનંદદાયક સમાચાર મળતાં તમામ સભ્યોની ખુશી વધશે. તહેવાર પહેલા અટકેલા પૈસા મળશે અને હાથમાં પૂરતા પૈસા હોવાનો આનંદ મળશે.

વૃશ્ચિક: દુકાનદારો માટે આ સમયે વ્યસ્તતા વધુ રહેશે, તેના કારણે તમે પરિવાર તરફ ઓછું ધ્યાન આપી શકશો. આર્થિક સ્થિતિમાં સુધારો થશે અને ફંડ પણ વધશે.

ધન: વ્યવસાય સંબંધિત યોજનાઓ માટે નિષ્ણાતની સલાહ મદદરૂપ થશે. ભાગ્ય તમને સાથ આપશે અને દરેક ક્ષેત્રમાં સફળતા મળશે. કાયદાકીય સંબંધિત બાબતોમાં મન જીતીને ખુશ રહેશે.

મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. પરિવારનું વાતાવરણ આનંદદાયક રહેશે અને તહેવારની તૈયારીઓ વચ્ચે વાનગીનો આનંદ માણશો.

કુંભ: ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સંબંધ સુધરશે, પરંતુ તમારે ગુપ્ત શત્રુઓથી સંભાળીને કામ કરવું પડશે. ઘરની જરૂરી અને કિંમતી ચીજોની સંભાળ રાખો, નહીં તો ખોવાઈ જવાનો ડર રહેશે.

મીન: વ્યવસાય સંબંધિત યોજનાઓ સફળ થશે અને લાભ આપવાનું શરૂ કરશે. સંતાન પક્ષની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે. ગીચ સ્થાનોને ટાળો અને જો જરૂરી હોય તો સલામતી સાથે જાઓ.

# રાજુલામાં ગાંધીજી અને લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતિની ઉજવણી

રાજુલા,તા.૦૪

રાજુલા શહેરના ગાંધી મંદિર ખાતે બીજી ઓક્ટોબરે મહાત્મા ગાંધીજીની ૧૫૭મી તથા લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતિની ઉજવણી રાજુલા સેવા મંડળ અને જાયન્ટસ પરિવારના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભમાં દિપ પ્રાગટ્ય બાદ સમુહ પ્રાર્થના યોજાઈ


તસવીર : ગોપાલ રાઠોડ

હતી. મહેમાનોએ ગાંધીજી અને શાસ્ત્રીજીની પ્રતિમાને ફુલહાર અર્પણ કર્યા હતા. નિધિબેન વાણીયાએ ગીત રજુ કર્યુ હતું. પ્રવિણભાઈ જાની, ઘનશ્યામભાઈ મશરૂ, શશિભાઈ રાજ્યગુરુ તથા ભરતભાઈ રાજ્યગુરુએ પ્રાસંગિક પ્રવચન આપ્યા હતા. મહિલા કોલેજની જહાનવીબેન જગડાએ શાસ્ત્રીજી અને સોનલબેન પટાટે ગાંધીજી અંગે વકતવ્ય આપ્યુ હતું. વિદ્યાર્થીઓ દ્વારા અભિનય ગીત અને કવિતા રજુ કરાઈ હતી. બાળકોને ઈનામ, ગીફ્ટ તથા અલ્પાહાર આપવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંકલન વિભાબેન વાવડીયા અને ભારતીબેન બારોટે કર્યુ હતુ.

# અમરેલીમાં ૭૦મી રાજ્યકક્ષાની કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરાયું

અમરેલી,તા.૦૪

અમરેલી ખાતે ૭૦મી અખિલ ભારતીય શાળાકીય (SGFI) રાજ્યકક્ષાની કબડ્ડી બહેનોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા રમતગમત અધિકારી અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે તા.૧૪ થી ૨૦ ઓક્ટોબર દરમિયાન લીલીયા રોડ પર લાલાવદર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે સ્પર્ધા યોજાશે. અંડર-૧૪ની સ્પર્ધા ૧૫ અને ૧૬ ઓક્ટોબર, અંડર-૧૭ની ૧૭ અને ૧૮ ઓક્ટોબર તથા અંડર-૧૯ની ૧૯ અને ૨૦ ઓક્ટોબરે યોજાશે. રાજ્યના વિવિધ જિલ્લાની ટીમો ભાગ લેશે. ટીમોની એન્ટ્રી ૧૨ ઓક્ટોબર સુધી મોકલવાની રહેશે. ખેલાડીઓ માટે ક્રિષ્ના હોસ્ટેલ ખાતે રહેવાની વ્યવસ્થા કરાઈ છે. ટીમ સાથે મહિલા કોચ અથવા મેનેજર રાખવા ફરજીયાત રહેશે. સ્પર્ધા માટે જરૂરી દસ્તાવેજો સાથે લાવવાના રહેશે.

# મોટા દેવળીયા ગામે વાડીમાંથી ૬૦ બોટલ અંગ્રેજી દારૂ ઝડપાયો

અમરેલી, તા.૦૪

અમરેલી જિલ્લામાંથી પોલીસે બે સ્થળેથી ભારતીય બનાવટના અંગ્રેજી દારૂની બોટલો જપ્ત કરી હતી. દામનગરમાં રહેતા કિશનભાઈ ગોહિલ તથા અજયભાઈ પાસેથી ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂની ૧૦ બોટલ ઝડપાઈ હતી.જ્યારે બીજા બનાવમાં, મોટા દેવળીયા ગામે વાડીએ રહેતો મૂળ મધ્યપ્રદેશનો સુંદર મુનસિંહ ભુરીયા (ઉ.વ.૨૫) નીરણના વાવેતર વચ્ચે સંતાડેલી ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂની ૬૦ બોટલ સાથે પકડાઈ ગયો હતો.આ ઉપરાંત, પોલીસે અન્ય પાંચ શખ્સો પાસેથી ૧૯ લીટર દેશી દારૂ કબ્જે કર્યો હતો.

તેમજ જિલ્લાના વિવિધ સ્થળોએથી ૭ લોકો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# જાફરાબાદના ભાકોદર ગામના યુવકને સમાધાનના બહાને બોલાવી ધમકી આપી

**ખિસ્સામાંથી રૂ.૭૦૦૦ કાઢી પણ લીધા**

જાફરાબાદ, તા.૦૪

જાફરાબાદના ભાકોદર ગામના યુવકને સમાધાનના બહાને બોલાવી જાનથી મારવાની ધમકી આપી હતી તેમજ ખિસ્સામાંથી રૂ. ૭૦૦૦ કાઢી લઈ લૂંટ ચલાવી હતી. બનાવ અંગે ભાકોદર ગામે રહેતા મુકેશભાઈ સોંડાભાઈ ચાવડા (ઉ.વ.૨૬)એ દિનેશ ભુપત શિયાળ, કાતર ગામના મુકેશ બારૈયા તથા એક અજાણ્યા વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મુજબ, દિનેશ શિયાળે તેમને ફોન કરીને સમાધાન માટે રાજુલા ચારનાળા ચોકડી પાસે બોલાવ્યા હતા. ત્યારબાદ પૂર્વઆયોજિત ગુનાહિત કાવતરું રચી લોખંડના પાઈપ વડે ડાબા પગે ગોઠણથી નીચેના ભાગે એક ઘા તથા બીજો ઘા ડાબા હાથના પહોંચા પર મારીને ફ્રેક્ચર કર્યું હતું. મુકેશ બારૈયાએ લોખંડના સળિયા વડે તથા અજાણ્યા ઈસમે લાકડાના ધોકા વડે વાસાના ભાગે, બંને સાથળ પર તથા આખા શરીરે જેમ ફાવે તેમ મૂઢ માર મારી ગાળો આપવા સાથે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ઉપરાંત, ખિસ્સામાં રહેલા સાતેક હજાર રૂપિયા કાઢી લઈ લૂંટ ચલાવી હતી. બનાવ અંગે જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પી.આઈ. આર.જી. ચૌહાણ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## તંત્રી લેખ

### વિમાન ષડયંત્ર પછી મધ્ય પૂર્વમાં તણાવ વધતો જાય છે

પશ્ચિમ એશિયાના આકાશમાં તાજેતરમાં જ જે ઘટના બની, તેને સાદો વિમાની હુમલો ગણવો ભૂલ થશે. દુબઈથી તેલ અવીવ જઈ રહેલા વિમાનમાં સહ-પાયલોટે કેપ્ટન પર જીવલેણ હુમલો કરીને વિમાનને ક્રેશ કરવાનો પ્રયાસ કર્યો. એક જ મિનિટમાં વિમાન ૧૭,૦૦૦ ફૂટથી વધુ નીચે ધસી ગયું. પરંતુ સવાર મુસાફરો અને ક્રૂ મેમ્બરે હુમલાખોરને કાબૂમાં લીધો અને વિમાનને સાઉદી અરેબિયામાં સલામત ઉતાર્યું. આ ઘટનાએ એક જ વારમાં પ્રદેશની નાજુક સ્થિતિને ઉજાગર કરી દીધી છે.

હુમલો કરનાર સહ-પાયલોટ ઓમાનનો નાગરિક હોવાનું બહાર આવ્યું છે. તેની પૃષ્ઠભૂમિ અંગે તપાસ ચાલી રહી છે. ઈઝરાયેલના વડાપ્રધાને દાવો કર્યો કે આ વ્યક્તિ કટ્ટરપંથી વિચારધારાથી પ્રભાવિત હતો અને આત્મઘાતી હુમલો કરવા માંગતો હતો. જોકે, તેમણે એ પણ ઉમેર્યું કે કોઈ પણ દેશ સામે આંગળી ચીંધતા પહેલાં તપાસ પૂરી થવી જોઈએ.

બીજી તરફ, ઈરાને આરોપોને સ્વીકારવાને બદલે વધુ આક્રમક વલણ અપનાવ્યું છે. ઈરાનના લશ્કરી કમાન્ડે ચેતવણી આપી કે જો અમેરિકા તણાવ વધારશે તો આખો પ્રદેશ તેમના માટે નરક સમાન બની જશે. ઈરાની ટેલિવિઝને અમેરિકી સૈનિકોને પશ્ચિમ એશિયા છોડી જવાની સલાહ આપી, જે દર્શાવે છે કે તેહરાન કોઈ પણ પ્રકારના દબાણ સામે ઝૂકવા તૈયાર નથી.

આ સ્થિતિ દર્શાવે છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટોની શક્યતા લગભગ સમાપ્ત થઈ ગઈ છે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે તે ધમકીઓના આધારે કોઈ સમજૂતી સ્વીકારશે નહીં. તે હાલમાં તેની તમામ શક્તિ રાષ્ટ્રીય સંરક્ષણ પર કેન્દ્રિત કરી રહ્યું છે.

આ તણાવની અસર માત્ર પ્રદેશ પૂરતી મર્યાદિત નથી. વૈશ્વિક તેલ બજાર પર તેની સીધી અસર પડી રહી છે. જો અમેરિકા અને ઈરાન વચ્ચે સીધો સંઘર્ષ થાય, તો તેલ કિંમતો આસમાને પહોંચી શકે છે, વૈશ્વિક વેપાર પર અસર પડશે અને પ્રાદેશિક સ્થિરતા જોખમમાં મૂકાશે.

દુબઈ-તેલ અવીવ ફ્લાઈટનો હુમલો માત્ર એક અલગ ઘટના નથી, પરંતુ તે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ઊંડા સંઘર્ષનો એક ભાગ છે. અમેરિકાની ચેતવણી અને ઈરાનના પડકાર વચ્ચે, પ્રદેશ એક નાજુક સમયગાળામાંથી પસાર થઈ રહ્યો છે. આ સ્થિતિમાં, વૈશ્વિક સમુદાયે સંયમ જાળવીને શાંતિ અને સંવાદ તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. અન્યથા, એક ઘટના પણ મોટા યુધ્ધની ચિનગારી સાબિત થઈ શકે છે.

# ‘ભારતનો સામાન્ય સમાજ બુદ્ધિ સાથે દેશના ભવિષ્યના નિર્માણમાં પોતાની લોકશાહી ફરજો બજાવે છે’’ :પુષ્પ-૩૭



ઈ.સ. ૨૦૧૪ ના વિજયાદશમીના ઉત્સવમાં બૌદ્ધિક આપતા શ્રી મોહનજી ભાગવતે કહ્યું કે, ‘ભારતનો સામાન્ય સમાજ વિશ્વના કહેવાતા વિકસિત દેશોના આરામદાયક અને શિક્ષિત લોકોની સાપેક્ષમાં ખૂબ જ પરિપક્વ બુદ્ધિ સાથે દેશના ભવિષ્યના નિર્માણમાં પોતાની લોકશાહી ફરજો બજાવે છે. આ કારણે વિશ્વના દેશોમાં ભારતીય લોકોના સંદર્ભમાં ગૌરવમાં વધારો થયો છે, ભલે તે વ્યક્ત થાય કે ન થાય અને આપણા બધાના મનમાં ધીરજ, ઉત્સાહ અને આત્મવિશ્વાસમાં વધારો થયો છે. દેશની બહાર રહેતા ભારતીય મૂળના લોકો ભારત પ્રત્યે જે ઉત્સાહ અને દૃઢ નિશ્ચય બતાવી રહ્યા છે તે આ ભવિષ્યના ભવ્ય અને સમૃધ્ધ ભારત માટે પણ એક શુભ સંકેત આપે છે. પરંતુ આપણે બધાએ સમજવું જોઈએ અને તે મુજબ કાર્ય કરવું જોઈએ કે વિશ્વમાં સુખ, શાંતિ અને સુમેળ પર આધારિત નવી વ્યવસ્થા માટે ઉદાહરણ સ્થાપિત કરીને ભારતને વિશ્વનેતા બનાવવાના અભિયાનમાં આ એક નાનું પગલું છે. હજુ ઘણું કરવાનું બાકી છે. ગંતવ્ય તરફ એક લાંબી અને સતત યાત્રા બાકી છે. જો કોઈ વ્યક્તિ વિશ્વ અને દેશની પરિસ્થિતિ પર ધ્યાનથી નજર નાખે તો આ વાત કોઈના પણ ધ્યાનમાં આવી શકે છે. એટલા માટે આપણે જોઈએ છીએ કે છેલ્લા ઘણા દાયકાઓથી વિશ્વમાં દરેક જગ્યાએ પર્યાવરણીય મુદ્દાની ચર્ચા થઈ રહી છે છતાં દરેક પસાર થતો દિવસ પર્યાવરણીય અધોગતિને એક ડગલું નજીક લાવી રહ્યો છે. પર્યાવરણીય અધોગતિને કારણે દુનિયા દરરોજ નવી અને વિચિત્ર કુદરતી આફતોનો સામનો કરી રહી છે. છતાં રાષ્ટ્રો અને મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓના વર્તમાન વિકાસ માર્ગ પર પુનર્વિચાર કરવાની નીતિઓના શબ્દોમાં ફેરફાર અને ઉપરછલ્લી પ્લાસ્ટરિંગ સિવાય કોઈ મૂળભૂત પરિવર્તન આવ્યું નથી. બધી ક્રિયાઓ પાછળ એ જ જૂની એકાંતવાદી, ભૌતિકવાદી, ઉપભોક્તાવાદી અને સ્વાર્થી વિચારધારા છૂપી રીતે અથવા ખુલ્લેઆમ કામ કરતી હોય તેવું લાગે છે. આ વિશિષ્ટ સામૂહિક હિતોને કારણે શોષણ, જુલમ, હિંસા અને કટ્ટરતાનો જન્મ થાય છે. આવા સ્વાર્થી હિતોને કારણે મધ્ય પૂર્વમાં પશ્ચિમી દેશોની પ્રવૃત્તિઓને કારણે આઈ.એસ. આઈ.એસ.- ના રૂપમાં કટ્ટરતાનો નવો અવતાર મળ્યો છે. જે સમગ્ર વિશ્વને આતંકિત કરી રહ્યો છે. વિશ્વના તમામ દેશો અને અનેક સંપ્રદાયો અને ધર્મોના જૂથો આ કટોકટી સામે એક સામૂહિક શક્તિ ઊભી કરવાની મનઃસ્થિતિમાં છે અને તે કરશે પણ. પરંતુ આ આતંકવાદ જે વારંવાર પોતાનું સ્વરૂપ બદલતો રહે છે તે એકાંત પ્રવૃત્તિઓ અને ભૌતિક સ્વાર્થની પ્રતિક્રિયાનું પરિણામ છે. વિશ્વમાં સદીઓથી ચાલી આવતી આતંકવાદની પરંપરા જ્યાં સુધી મૂળમાંથી ઉખેડી ન નાખવામાં આવે ત્યાં સુધી સંપૂર્ણપણે નાબૂદ થશે નહીં. આજે જેને હિંદુ ધર્મ તરીકે ઓળખવામાં આવે છે તેની એક ખાસિયત એ છે કે તે ભાષા, ભૂગોળ, ધર્મ, સંપ્રદાય, જાતિ, પેટાજાતિ, ખાદ્યપદાર્થો, રિવાજો વગેરેની દૃષ્ટિએ તમામ કુદરતી વિવિધતાઓને આદરપૂર્વક સ્વીકારે છે અને તેમને એક કરીને સામાન્ય બનાવે છે. સમગ્ર વિશ્વના કલ્યાણ માટે ચાલે છે. અહીં જીવનના સત્ય વિશે શોધખોળ કરવાની, અનુભવવાની અને નિષ્કર્ષ કાઢવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે. કોઈની શ્રધ્ધા પર કોઈ વિવાદ ઉઠાવવામાં આવતો નથી કોઈ મૂર્તિ તોડવાની ઝુંબેશ ચલાવવામાં આવતી નથી કે આ પરંપરામાં કોઈ પુસ્તકીય પદ્ધતિના આધારે શ્રધ્ધાની માન્યતા અથવા શ્રધ્ધાના હેતુનો નિર્ણય લેવાની કોઈ પ્રથા નથી. બૌદ્ધિક સ્તરે મંતવ્યો પર મુક્ત ચર્ચા અને ચર્ચા હોય છે તે જ સમયે વ્યવહારિક સ્તરે શ્રધ્ધા ને સ્વતંત્રતાનો આદર કરવો, સંકલન અને સુમેળમાં સમાજ તરીકે આગળ વધવું એ હિન્દુ સંસ્કૃતિનું વિશિષ્ટ લક્ષણ છે. પ્રાચીન કાળથી ×વસુધૈવ કુટુંબકમ×ના આધ્યાત્મિક દ્રષ્ટિકોણને અહીંથી સાથે લઈને ઋષિઓ, મુનિઓ, ભિક્ષુઓ, શ્રમણો, સંતો, વિદ્વાનો, વૈજ્ઞાનિકો મેક્સિકોથી સાયબીરિયા સુધી ફેલાયેલા વિશ્વના દેશોમાં ગયા. કોઈ પણ સામ્રાજ્યને હરાવ્યા વિના કોઈ પણ અલગ જીવનશૈલી, ઉપાસના પધ્ધતિ, રાષ્ટ્રીય કે સાંસ્કૃતિક ઓળખનો નાશ કર્યા વિના તેમણે પ્રેમથી ત્યાં આત્મીયતા, વિશ્વની સુખાકારી અને કલ્યાણની ભાવનાનો દોર સ્થાપિત કર્યો. ત્યાંના જીવનને વધુ ઉન્નત, જ્ઞાનવાન અને સમૃધ્ધ બનાવ્યું. આધુનિક સમયમાં પણ આપણા વિશ્વપ્રસિધ્ધ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ તેમજ સામાન્ય પ્રવાસી ભારતીયનું આ વર્તન રહ્યું છે આ તેમની ખ્યાતિ છે. એટલા માટે વિશ્વભરના વિચારકો અને સમાજો ભારતના ભવિષ્યમાં પોતાના માટે અને વિશ્વ માટે એક સુખદ આશા જુએ છે. તેથી આજે વિજયાદશમીના આ શુભ તહેવાર પર વિજયની આ નવી ક્ષિતિજ આપણી સમક્ષ સ્પષ્ટ છે. ભારતના જીવનને સમગ્ર વિશ્વ માટે માર્ગદર્શક તરીકે સ્થાપિત કરવું. એક નવા ભારતનું નિર્માણ કે જે દેશ, સમય અને પરિસ્થિતિ સાથે સુસંગત હોય અને જે કોઈ પણ ભેદભાવ અને સ્વાર્થ વિના સમગ્ર વિશ્વ પ્રત્યે એક સર્વાંગી-સંકલિત દ્રષ્ટિકોણ સાથે બધી બાબતોમાં સર્વશક્તિમાન, સુંદર અને સમૃધ્ધ બને. સૃષ્ટિની બધી વિવિધતાઓને સ્વીકારીને અને સમન્વયમાં કામ કરીને એક ઉદાહરણ બને. આપણે એવું ભારત બનાવવું છે જ્યાં સારા આચરણથી સમૃદ્ધિનો અવતાર થાય. જ્યાં કરુણા, સેવા અને દાન સાથે નિર્ભયતા, અદમ્ય શક્તિનો ભાગ બને જેનો વિકાસનો માર્ગ સર્વત્ર કલ્યાણનું નિર્માણ કરે. આપણે એવું ભારત બનાવવું પડશે જ્યાં તેની સાથે સંકળાયેલા લોકો પોતાને નિર્ભય અને સુરક્ષિત માનીને પોતાનું જીવન જીવી શકે. દેશના છેલ્લી હરોળમાં ઊભેલા છેલ્લા માણસના જીવનની સ્થિતિ આ દેશના વિકાસ માટે નિર્ણાયક માપદંડ હશે અને આત્મનિર્ભરતા એ દેશની સુરક્ષા અને સમૃદ્ધિનો એક આવશ્યક ઘટક છે આ બાબતને ધ્યાનમાં રાખવી પડશે. આપણો દેશ એવો રહ્યો છે જેણે જીવન વિશે એક અલગ દ્રષ્ટિકોણથી વિચાર્યું છે અને તે વિચારસરણીના આધારે વિશ્વનો અગ્રણી દેશ બન્યો છે અને સદીઓથી વિશ્વનું નેતૃત્વ કર્યું છે આપણે આ હકીકત હંમેશા ધ્યાન રાખવી પડશે. આ દ્રષ્ટિકોણથી ફક્ત ભારત પાસે જ સમગ્ર વિશ્વમાં કલ્યાણ લાવવાની શક્તિ છે. તેને સમકાલીન શોધ નીતિઓમાં પ્રગટ કરવી પડશે. બધા જાણે છે કે આ વાતાવરણમાં પરિવર્તન લાવવામાં સરકારની પણ ભૂમિકા છે. શિક્ષણ વિભાગે એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે શિક્ષણ બધા માટે સુલભ હોય. મૂલ્યોનું શિક્ષણ વ્યવસ્થિત હોય. જે જીવનના સંઘર્ષમાં આત્મસન્માન સાથે ઊભા રહેવાની શક્તિ અને હિંમત આપે. સરકારના માહિતી અને પ્રસારણ વિભાગની ફરજ છે કે તેઓ લોકોને માહિતી આપે અને શિક્ષિત કરે ખાતરી કરે કે મૂલ્યોને બગાડતા કાર્યક્રમો અને જાહેરાતો, ઓડિયો-વિઝ્યુઅલ અને પ્રિન્ટ મીડિયા દ્વારા પ્રસારિત ન થાય. પરંતુ સમાજે સરકાર દ્વારા આ કાર્યો થાય તેની રાહ જોતા રહેવાની કોઈ જરૂર નથી. આપણું પોતાનું કુટુંબ પણ સમાજનું એક નાનું સ્વરૂપ છે. આજે પણ સમાજના સંપૂર્ણ એકમ તરીકે કુટુંબ આપણી જીવનવ્યવસ્થામાં અસ્તિત્વ ધરાવે છે. આપણે ત્યાં વિવિધ વિષયોનો અભ્યાસક્રમ તો ભણાવી શકીશું નહીં પરંતુ જે તાલીમ જીવનમાં માનવતાના મૂલ્યો સિંચે છે, કર્તવ્યનું શાણપણ શીખવે છે, હિંમતથી જીવનનો સામનો કરવાની શક્તિ અને ધીરજ આપે તે પરીક્ષણ ફક્ત આપણા ઘરના વાતાવરણમાં જ ઉપલબ્ધ છે. આ દ્રષ્ટિકોણથી આપણા પરિવારના વડીલો અને આદરણીય સભ્યોનું વર્તન કૌટુંબિક પરંપરાના દ્રષ્ટિકોણથી જરૂરી બાબતોનું રક્ષણ અને તે મુજબ વર્તન અને વાતચીતની રીત અપનાવવી તે સંપૂર્ણપણે આપણા પોતાના હાથમાં છે. આજે દરેક ઘરમાં આ હોવું જરૂરી બની ગયું છે. સમાજમાંથી ભેદભાવ દૂર કરવાનું કામ મોટા પ્રમાણમાં અને ખૂબ જ ઝડપી ગતિએ કરવાની જરૂર છે. મનમાંથી ભેદભાવ દૂર કરવાનું કામ સરકાર કે અન્ય કોઈ વ્યવસ્થા કરી શકતી નથી. આ ફક્ત સમાજના સાહસ દ્વારા જ પૂર્ણ કરી શકાય છે. આ કાર્ય ફક્ત તમારા મન, તમારા ઘર અને તમારા મિત્રો અને પરિવારથી સીધું શરૂ કરીને જ શક્ય બનશે. આ માટે મારા પોતાના અંગત આચરણમાં, મારા પોતાના પારિવારિક વાતાવરણમાં ચાલી આવતી આદતો, રિવાજો, ખરાબ પ્રથાઓ, ભેદભાવપૂર્ણ વર્તનને સંપૂર્ણપણે છોડી દેવા પડશે. જાતિ, પ્રાદેશિક, ભાષાકીય અહંકાર અને જોડાણના નાનામાં નાના અવશેષોને પણ ફેંકી દેવા પડશે. લાગણીઓ ઉશ્કેરે તેવા અહંકારી નિવેદનો સાંભળવાનું કે બોલવાનું ટાળવું જોઈએ અને ઉશ્કેરણીજનક વાતાવરણમાં ડૂબી જવાથી અને કોઈ પણ આતંકવાદી કૃત્ય કરવાથી બચવું જોઈએ. આપણા વિશાળ હિન્દુ સમાજનો દરેક વ્યક્તિ, ભારત માતાનો દરેક પુત્ર મારો પોતાનો ભાઈ છે. મારા દરેક નાના અને મોટા કાર્યોની કસોટી આ પોતાનાપણાની ભાવનાના પાયા પર થવી જોઈએ. સમાન વિચારધારા ધરાવતા સાથીદારોને સાથે રાખીને હિન્દુ ધાર્મિક સ્થળો, સ્મશાનભૂમિ અને પાણીના સ્રોત બધા હિન્દુઓ માટે ખુલ્લા હોવા જોઈએ. બધા હિન્દુઓએ વિવિધ સંપ્રદાયો, ધર્મો, ભાષાઓના ગૌરવશાળી મહાપુરુષોના નામે આયોજિત કાર્યક્રમો અને ઉત્સવોમાં ભાગ લઈ હિન્દુઓની સહભાગીતા હોય એ પહેલ કરવી પડશે. આપણે આ કાર્ય આજથી જ આપણી જાતથી શરૂ કરી શકીએ છીએ. સમય જતા સંકોચાયેલા આપણા આત્મીયતાના વર્તુળ માટે આપણે આજે આ મર્યાદા ઓળખવી પડશે. આપણી પાસે આ દુનિયાને આપવા માટે ઘણું બધું છે. દુનિયા હવે સમજી રહી છે કે ભારત પાસે દુનિયાના સ્વભાવ અને દ્રષ્ટિકોણમાં પરિવર્તન લાવવાની શક્તિ છે. ભારતીય જીવનશૈલી સાર્વત્રિક રીતે સ્વીકૃત લાગે છે અને આપણે તેનો કાળજીપૂર્વક વિચાર કરવો જોઈએ. યોગ, આયુર્વેદ, ભારતીય સંસ્કૃતિ અને ભારતીય સંગીત દ્વારા આપણે વિશ્વને એક સાથે જોડી શકીએ છીએ.

**વિચારપૂંજ**

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

# “જીવન જેટલું સાદું અને સરળ હશે, મન તેટલું જ વધુ શાંત અને ખુશ રહેશે.”



**મનન ચિંતન**
ભરત બાવીશી

માણસ આખી જિંદગી સુખની શોધમાં દોડતો રહે છે. કોઈને વધુ પૈસા જોઈએ છે, કોઈને મોટું ઘર, કોઈને ઊંચું પદ તો કોઈને સમાજમાં પોતાની પ્રતિષ્ઠા વધારવી છે. પરંતુ આ બધું મેળવ્યા પછી પણ મનને શાંતિ મળે જ એવું નથી. ઘણી વખત સુખની શોધમાં આપણે જીવનને એટલું જટિલ બનાવી દઈએ છીએ કે સુખ આપણી સામે હોવા છતાં તેને અનુભવી શકતા નથી. હકીકતમાં જીવન જેટલું સાદું અને સરળ હશે, મન તેટલું જ વધુ શાંત અને ખુશ રહેશે.

સરળ જીવનનો અર્થ એ નથી કે માણસે પોતાની મહત્વાકાંક્ષા છોડી દેવી કે સુવિધાઓનો ત્યાગ કરી દેવો. સરળ જીવન એટલે જરૂરિયાત અને ઈચ્છા વચ્ચેનો તફાવત સમજવો. જે જરૂરી છે તેને સ્વીકારવું અને જે માત્ર દેખાદેખી કે સ્પર્ધાના કારણે જોઈએ છે તેને છોડતા શીખવું.

આપણે ઘણી વખત બીજાના જીવન સાથે પોતાના જીવનની સરખામણી કરીએ છીએ. કોઈ નવી ગાડી લે તો આપણને પણ નવી ગાડી જોઈએ, કોઈ મોટું ઘર બનાવે તો આપણને પણ મોટું ઘર જોઈએ, કોઈ વિદેશ પ્રવાસે જાય તો આપણને પણ ત્યાં જવાની ઈચ્છા થાય. આ સરખામણી મનમાં અસંતોષ ઊભો કરે છે. જ્યારે આપણે પોતાની પાસે જે છે તેની કિંમત સમજીએ છીએ ત્યારે જીવનમાં સંતોષ જન્મે છે.

એક નાનું ઘર હોય, પરંતુ તેમાં પરિવારના સભ્યો વચ્ચે પ્રેમ હોય તો એ ઘર મહેલ કરતાં પણ સુખી બની શકે. બીજી તરફ, મોટું ઘર, મોંઘી વસ્તુઓ અને બધી સુવિધાઓ હોવા છતાં જો મનમાં અશાંતિ હોય તો જીવનમાં ખાલીપો અનુભવાય છે. એટલે સુખ વસ્તુઓની સંખ્યામાં નહીં, પરંતુ તેને માણવાની આપણી ક્ષમતામાં રહેલું છે.

સરળ જીવનનો બીજો અર્થ છે;ઓછું બોલવું, ઓછું વિચારવું અને વધુ સમજવું. દરેક વાતનો જવાબ આપવો જરૂરી નથી. દરેક ટીકા દિલ પર લેવી જરૂરી નથી. દરેક સંબંધમાં પોતાને સાચા સાબિત કરવા જરૂરી નથી. કેટલીક બાબતો સમય પર છોડી દેવી અને કેટલીક બાબતોને હસીને પસાર કરી દેવી એ પણ જીવન જીવવાની એક કળા છે.

મનને સૌથી વધુ થકાવનાર વસ્તુ કામ નહીં, પરંતુ અનાવશ્યક વિચારો છે. ભૂતકાળની ભૂલોનો અફસોસ અને ભવિષ્યની ચિંતા માણસને વર્તમાનથી દૂર કરી દે છે. જ્યારે માણસ વર્તમાન ક્ષણને સ્વીકારીને જીવવાનું શીખે છે ત્યારે જીવન આપોઆપ સરળ બનવા લાગે છે.

પ્રકૃતિ પણ આપણને સાદગીનો પાઠ શીખવે છે. સૂર્ય રોજ ઉગે છે, વૃક્ષો નિઃસ્વાર્થ છાંયો આપે છે, નદી સતત વહે છે.પ્રકૃતિના આ તત્વોમાં કોઈ દેખાડો નહીં, કોઈ ફરિયાદ નહીં. સાદગીમાં જ તેમની સુંદરતા છે.

અંતે જીવનમાં કેટલું મેળવ્યું તે કરતાં કેટલું શાંતિથી જીવ્યા અને કેટલાને સુખ આપ્યું એ વધુ મહત્વનું છે. જીવનને અનાવશ્યક અપેક્ષાઓ, સરખામણીઓ, અહંકાર અને ચિંતાઓથી મુક્ત કરીએ તો મનમાં શાંતિનો અનુભવ થવા લાગે છે.

કારણ કે સાચું સુખ બહારની દુનિયા બદલવાથી નહીં, પરંતુ આપણી અંદરની દુનિયા સરળ બનાવવાથી મળે છે. સુખ ઘણી વખત વસ્તુઓમાં નહીં, દૃષ્ટિકોણમાં છુપાયેલું હોય છે.જરૂરિયાત ઓછી કરો તો સુખ વધે, અપેક્ષા ઓછી કરો તો શાંતિ વધે અને જીવન સરળ બનાવો તો દરેક દિવસ પોતે જ સુંદર બની જાય. જીવનને સરળ બનાવવું હોય તો ત્રણ વસ્તુઓ ઓછી કરવી જોઈએ;અપેક્ષા, સરખામણી અને અહંકાર. અને ત્રણ વસ્તુઓ વધારવી જોઈએ;સંતોષ, કૃતજ્ઞતા અને પ્રેમ.

**ઓછામાં સુખ શોધી લો તો જીવન આસાન છે,સંતોષ રાખી લો તો દરેક ક્ષણ મહાન છે.
દુનિયા જીતવાની દોડમાં મન ન હારી જશો, સાદગીથી જીવી જુઓ તો સુખ તો તમારી પાસે જ છે.**

# મમ્મી, પપ્પા કે ગામને છોડવું નહોતું એટલે છાતી ઠોકીને અહીં ધંધો શરૂ કર્યો






**ઝાકળનું એક બિંદુ**
હિરેન હિરપરા

સૌરાષ્ટ્રના ગામડાઓ આજે અનેક મોટા પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. ખેતી સામે વધતા પડકારો, અનિયમિત આવક, વધતો ખર્ચ, રોજગારીની મર્યાદિત તકો અને આધુનિક ટેકનોલોજીનો પૂરતો ઉપયોગ ન થવાના કારણે ગામડાનાં અનેક યુવાનો શહેરોની વાટ પકડી રહ્યા છે. શહેરની ચમક તેમને આકર્ષે છે અને ધીમે ધીમે ગામ, જમીન અને ખેતી સાથેનો સંબંધ નબળો પડતો જાય છે. પરંતુ આ પરિસ્થિતિ વચ્ચે અમરેલી જિલ્લાના વરસડા ગામનો એક યુવાન એવી વાત કરે છે જે ગામડાના ભવિષ્ય માટે આશાનું કિરણ બની શકે છે.

આ યુવાનનું નામ છે જયદીપભાઈ રાજેશભાઈ ડોબરીયા. ઉંમર માત્ર ૩૦ વર્ષ અને અભ્યાસ બી.સી.એ. સુધીનો. અભ્યાસ પૂર્ણ કર્યા પછી રોજગારી માટે ગુજરાતનાં અનેક મોટાં શહેરો અને મહાનગરોમાં જવાનું થયું. શહેરની રોશની જોઈ, નોકરી અને મહાનગરોની જીવનશૈલી જોઈ, પરંતુ અંતે પોતાના ગામની માટીએ તેમને પાછા બોલાવ્યો.

જયદીપભાઈએ નક્કી કર્યું કે નોકરી માટે શહેરમાં જવાને બદલે પોતાના ગામમાં જ કંઈક એવું કરવું છે, જેમાં પોતાનું ભવિષ્ય પણ બને અને ગામના ખેડૂતોને પણ ફાયદો થાય.તેમની વાતમાં એક વાક્ય ખાસ ધ્યાન ખેંચે છે. “મમ્મી, પપ્પા કે ગામને છોડવું નહોતું એટલે છાતી ઠોકીને અહીં ધંધો શરૂ કર્યો.”

આ માત્ર એક યુવાનની વાત નથી. આ તો ગામડામાં પાછા ફરવાની એક વિચારધારા છે. જયદીપભાઈના પિતા રાજેશભાઈ છેલ્લા ૧૧-૧૨ વર્ષથી ખેતી સાથે લસણ ફોલીને તેનું પેકિંગ કરી હોટેલ અને કેટરર્સને સપ્લાય કરવાનો વ્યવસાય કરે છે. અમરેલી ઉપરાંત ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં પણ તેમનો માલ પહોંચે છે. દર મહિને આશરે ૩૦૦૦ કિલો ફોલેલા લસણનું પેકિંગ કરીને વેચાણ થાય છે. આ નાનકડા વ્યવસાયે પરિવારને આવક આપી અને સાથે જ એક મહત્વની વાત સાબિત કરી કે ખેડૂત માત્ર કાચો માલ વેચે એ જરૂરી નથી.

ખેતરમાંથી નીકળેલા લસણને જો સાફ કરવામાં આવે, ફોલવામાં આવે, પેકિંગ કરવામાં આવે અને સીધું બજારમાં પહોંચાડવામાં આવે તો તેના મૂલ્યમાં વધારો થઈ શકે છે. આ જ છે વેલ્યુ એડિશનની તાકાત. પિતાના આ અનુભવને આગળ વધારીને જયદીપભાઈએ ડિહાઈડ્રેશન ફૂડ પ્રોડક્ટ્સ, વેજિટેબલ પ્રોડક્ટ્સ અને હર્બલ પ્રોડક્ટ્સના ક્ષેત્રમાં પગલું માંડ્યું છે. અશ્વગંધા પાવડર, મોરિંગા પાવડર, ઘઉંના જુવારાનો પાવડર, ગુલાબ પાવડર, મોગરાના ફૂલનો પાવડર, લસણ પાવડર, ડુંગળી પાવડર, આદુ પાવડર સહિતની પ્રોડક્ટ્સનું પેકિંગ અને વેચાણ શરૂ કર્યું છે.આ નાનકડું સાહસ એક મોટા વિચાર તરફ ઈશારો કરે છે. ખેતી માત્ર પાક ઉગાડવાનો વ્યવસાય નથી, પરંતુ ખેતીમાંથી અનેક ઉદ્યોગો ઊભા કરી શકાય છે.આજે આધુનિક ખેતીમાં નેટહાઉસ, ગ્રીનહાઉસ, વર્ટિકલ ફાર્મિંગ, ડિહાઈડ્રેશન, ફૂડ પ્રોસેસિંગ, બ્રાન્ડિંગ, પેકેજિંગ અને સીધું ગ્રાહક સુધી વેચાણ જેવી અનેક નવી તકો ઊભી થઈ છે. ખેડૂત જો સંશોધન અને ટેકનોલોજીને સ્વીકારે, ઉત્પાદનની ગુણવત્તા જાળવે અને કાચા માલને બદલે તૈયાર પ્રોડક્ટ તરીકે બજારમાં મૂકે તો આવકના નવા રસ્તા ખુલી શકે છે.

મેં જયદીપભાઈને પૂછ્યું કે “તમે ભણેલા છો, અનેક શહેરોમાં ફરીને આવ્યા છો. આજે મોટાભાગના યુવાનો ગામડાં છોડીને શહેર તરફ જઈ રહ્યા છે, ત્યારે તમે ગામમાં પાછા કેમ આવ્યા?”તેમણે હસતા હસતા કહ્યું કે મહાનગરોની દોડધામભરી જિંદગી તેમણે નજીકથી જોઈ છે. પૈસા કમાવવા છે તો મહેનત ગામમાં રહીને પણ કરી શકાય છે. આજે સોશિયલ મીડિયા માર્કેટિંગનું મોટું માધ્યમ બની ગયું છે. બેન્કિંગ સરળ બન્યું છે, ટ્રાન્સપોર્ટેશનની સુવિધા વધી છે અને દેશ-દુનિયાના ગ્રાહક સુધી ગામમાં બેઠા પહોંચી શકાય છે.તેમની વાતમાં એક અલગ જ આત્મવિશ્વાસ હતો. “મહાનગરની દસ ફૂટની ઓરડીમાં રહેવા કરતાં ગામમાં પોતાના વીઘા જેટલા ફળિયા વાળા મકાનમાં રહીને મહેનત કરીએ અને વેલ્યુ એડિશનનો ધંધો કરીએ તો જીવન પણ સારું અને આવક પણ સારી થઈ શકે.” જયદીપભાઈની આંખોમાં મને માત્ર પોતાના વ્યવસાયનું સ્વપ્ન દેખાયું નહીં, પરંતુ ભાંગતા ગામડાના ફરી ઉદયનું સ્વપ્ન દેખાયું. ગામડાઓને બચાવવાનો અર્થ માત્ર લોકોને ગામમાં રોકી રાખવાનો નથી. ગામડામાં રોજગાર ઊભો કરવો પડશે. ખેતી સાથે ફૂડ પ્રોસેસિંગ, પેકેજિંગ, સ્ટોરેજ, ડિહાઈડ્રેશન, પશુપાલન, દૂધ પ્રોસેસિંગ, હસ્તકલા, ગ્રામ્ય પ્રવાસન અને ડિજિટલ માર્કેટિંગ જેવા વ્યવસાયો વિકસાવવા પડશે. સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈને યુવાનો પોતાના ગામમાં નાના ઉદ્યોગો શરૂ કરી શકે છે. જરૂર છે માત્ર માહિતી, યોગ્ય માર્ગદર્શન, બજારની સમજ અને સતત મહેનતની. કોરોના જેવી વિકટ પરિસ્થિતિએ પણ આપણને એક વાત સમજાવી હતી કે સંકટના સમયમાં ગામડાંનું મહત્વ કેટલું મોટું છે. શહેરોમાંથી મોટી સંખ્યામાં લોકો પોતાના ગામ તરફ પરત ફર્યા હતા. આ અનુભવને આપણે ભૂલવો ન જોઈએ.

આજે હિન્દુસ્તાનનાં ગામડાં અનેક જયદીપની રાહ જોઈ રહ્યા છે.કોઈ યુવાન પાછો આવે, પોતાના ખેતરની માટીને ઓળખે, પિતાની મહેનતમાંથી શીખે, નવી ટેકનોલોજી અપનાવે, ખેડૂતના ઉત્પાદનનું મૂલ્ય વધારે અને ગામની રોનક પાછી લાવવાનો પ્રયાસ કરે તો એ માત્ર પોતાનો વ્યવસાય ઊભો કરતો નથી, પરંતુ આખા ગામના ભવિષ્યમાં રોકાણ કરે છે.

ગામ છોડીને શહેર જવું જ વિકાસ નથી. ગામમાં રહીને ગામને વિકાસનું કેન્દ્ર બનાવવું પણ વિકાસનો જ એક રસ્તો છે.જયદીપભાઈ ડોબરીયાની કહાની કદાચ આજે એક નાના ગામની કહાની છે, પરંતુ આવતીકાલે આવી અનેક કહાનીઓ સૌરાષ્ટ્રના ગામડાઓના પુનઃઉદયની ઓળખ બની શકે છે. ખેતીને માત્ર જીવનનિર્વાહની પધ્ધતિ નહીં, પરંતુ આધુનિક ઉદ્યોગ તરીકે જોવાનો સમય આવી ગયો છે. ખેતરમાં ઉત્પાદન થાય, ગામમાં તેનું પ્રોસેસિંગ થાય, ગામમાં જ પેકિંગ થાય અને દુનિયાના બજારમાં ગામના નામથી વેચાય ત્યારે સાચા અર્થમાં ગામડું આત્મનિર્ભર બનશે. અને કદાચ ત્યારે કોઈ યુવાનને શહેરની રોશની શોધવા ગામ છોડવું નહીં પડે. કારણ કે ગામમાં જ રોશની ઊભી થશે. જયદીપ ડોબરીયા નો સંપર્ક નંબર.૯૮૫૮૫૦૮૪૮૪ છે .

**:: તિખારો ::**

**માણસે ક્યારેક પોતાની વાત પાછી ખેંચવી પડે છે પોતાનો અહમ અને અહંકાર ઓગાળી નાખવો પડે છે અને સ્વીકારવું પડે છે કે હા મારી ભૂલ થઈ છે. ભૂલો સ્વીકારી લેવી એ આપણી હાર નથી પરંતુ આપણી જાતને સુધારવાની અને સમજદાર બનવાની એક નવી શરૂઆત છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખેતી કાર્યો



**શેરડી:** ● સૌરાષ્ટ્રની આબોહવાકીય વિસ્તારમાં શેરડીની જાત કો એન ૦૫૦૭૧ (ગુજરાત શેરડી-૫) તેમજ દક્ષીણ ગુજરાત માટે શેરડી - કો - એન - ૧૩૦૭૨નું વાવેતર કરવું ● **વહેલી પાકતી જાત :** કો. ૮૩૩૮, કો.એન ૯૫૧૩૨ (ગુ. શે.-૩), કો. એન. ૦૩૧૩૧ (ગુ. શે.-૪) કો. એન. ૦૫૦૭૧ (ગુ. શે.-૫), કો. એન.૦૭૦૭૨ (જી.એન.એસ.-૮), કો. ૯૪૦૦૮, કો.સી.૬૭૧. ● **મધયમ મોડી પાકતી જાત :** કો. એન. ૯૧૧૩૨ (ગુ.શે.-૧), કો.એન. ૮૫૧૩૪ (ગુ.શે.-૨), કો.એન.૦૫૦૭૨ (ગુ.શે.-૬), કો.એન.-૦૪૧૩૧ (જી.એન. એસ-૭), કો. એમ. ૦૨૬૫ તથા કો. ૯૯૦૦૪ ● બે થી ત્રણ આંખવાળા ટુકડાને એમ.ઈ.એમ.સી. (૨ ગ્રામ/લી.) અથવા કાર્બેન્ડીઝમ ( ૧ ગ્રામ/લી.) ના દ્રાવણમાં ૫ થી ૧૦ મીનીટ બોળી પછી કટકા રોપવા ● શેરડીની રોપણી પહેલાં હેક્ટર દીઠ ૩૭.૫ કિલોગ્રામનાઈટ્રોજન, ૧૨૫ કિલોગ્રામ ફોસ્ફરસ અને ૧૨૫ કિલોગ્રામ પોટાશ તત્વ એટલે કે ૭૮૧ કિલોગ્રામ સુપર ફોસ્ફેટ, ૮૧ કિલોગ્રામ યુરીયા અને ૧૨૦ કિલોગ્રામ મયુરેટ ઓફ પોટાશ ખાતર ચાસમાં આપવું. ● શેરડીમાં આંતરપાક તરીકે ચણા, લસણ અથવા ડુંગળીનું વાવેતર કરવું. ● શેરડીમાં જૈવિક ખાતરો એસીટોબેકટરપીએસ બી અને કે.એમ.બી નું કલ્ચર ૩૦૦ મિલી ને ૩૦૦ લીટર પાણીમાં મિશ્ર કરી ૩૦ મિનીટ દ્રાવણમાં કટકાને પલાળી વાવેતર કરવું.

**કપાસ:** ● કપાસની ફૂલ અને જીંડવાની અવસ્થાએ ૧ ટકા (૧૯-૧૯-૧૯ ના. ફો. પો.) નો છંટકાવ કરવો. ● ડી.પી.એમ. ટેક્નોલોજી ની ૪૦૦ ગ્રામ પેસ્ટ પ્રતિ હેકટરે ટપકા બે ડાળીની વચ્ચે ૧૦૦૦ મુકવા ફુલ અવસ્થા તે પછી ની અવસ્થામાં ૩૦ દિવસના અંતરે મુકવા. **દિવેલા:** ● પિયત દિવેલાના પાકમાં માળ આવવાની શરૂઆત અને ડોડવાના વિકાસની અવસ્થાએ ભેજની ખેંચ ન રહે તે માટે જમીનની પ્રત પ્રમાણે ૧૫ થી ૨૦ દિવસના ગાળે પિયત આપવા. ● વધુ નફો મેળવવા માટે આંતર પાક દિવેલા – ચણાનું વાવેતર કરો ● દિવેલાની ઘોડીયા ઈયળનું પ્રમાણ વધારે હોય તો ત્યારે ખેતરમાં કુદરતી રીતે પક્ષીઓ બેઠકની વ્યવસ્થા કરાવી. ● બેસીલસ થુરીન્જીએંસીસ નામના રોગપ્રેરક જીવાણુંનો પાઉડર ૧૫ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ઉમેરીને બીજી કે ત્રીજી અવસ્થાની ઘોડીયા ઈયળો જોવા મળે ત્યાં તેનો છંટકાવ કરવો ● કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મિ અથવા કિવનાલફોસ અથવા ડાયમેથોએટ ૩૦ ઈસી ૧૦ મિ.લી. અથવા એમામેકિટન બેન્ઝોએટ ૫ એસજી ૪ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.

**તુવેર:** ● તુવેરની શીંગમાખી નિયંત્રણ માટે તુવેરના ખેતરમાં ૫૦% છોડ પર શીંગો બેસે ત્યારે ક્વિનાલફોસ અથવા ડાયમિથોએટ છંટકાવ કરવો. ફેનવાલેરેટ ૦.૪% ભુકી ૨૫ કિ.ગ્રા./હે જરૂર જણાય તો ૨૦ દિવસે બીજો છંટકાવ કરવો.

**કસુંબી:**

● કસુંબી પાક માટે કાંટાવાળી અને કાંટા વગરની બન્ને જાતો ઉપલબ્ધ છે. ગુજરાત રાજયમાં વાવેતર માટે ભલામણ કરેલ કાંટાવાળી ભીમા, એ-૧ અને તારા છે, કસુંબીનું બીજ હેકટરે ૧૫ કીલોગ્રામ જોઈએ. આ જાતોમાં મોલોમશીનો ઉપદ્રવ ઓછો જોવા મળે છે. આથી વાવેતર માટે કાંટાવાળી ભલામણ કરેલ જાતો પસંદ કરવી.

● ભાલ વિસ્તારમાં થતાં અન્ય પાકો જેવા કે ઘઉં, ચણા કે રાઈનાં પાક કરતાં ઓછા ખર્ચે વધુ વળતર આપે છે.

**ધાણા:** ● ગુજરાત ધાણા-૧ અથવા ૨ નું વાવેતર કરવું તેમજ લીલા ધાણા કે કોથમીર માટે શીતલ જાતનું વાવેતર કરવું. અને ધાણી માટે ગુજરાત ધાણા-૩, ૪ જાતનું વાવેતર કરવું.

● વાવેતર નવેમ્બર માસના પ્રથમ અઠવાડિયામાં કરવુ અને બીજનો દર ૨૦ કી.ગ્રા. પ્રતિ હેકટરે રાખવો.

● ધાણાના ફાડીયા કરી સૂર્યના તાપમાં તપાવી ૧૦ થી ૧૨ કલાક પાણીમાં પલાળી સુકવ્યા બાદ વાવતેર કરવું.

**જુવાર:** ● ઘાસચારાની જુવારમાં દાતરડાથી વાઢી પાથરી સુકવી વહેલી સવારમાં પૂળા બાંધી ઓઘલા કરી સૂર્યના તાપમાં સુકવી દઈ યોગ્ય જગ્યાએ સંગ્રહ કરવો.

**શાકભાજી:** ● મરચીમાં એસ-૪૯, જ્વાલા અથવા જી-૪ તેમજ જીવીસી -૧૨૧ અથવા તમારા વિસ્તારમાં ચાલતી વધુ ઉત્પાદન આપતીજાત ના વાવેતર માટે ભલામણ છે.

● **મરચી, ટામેટી :** કોકડવા

● રોગનો ફેલાવો સફેદમાખીથી થતો હોય તેના નિયંત્રણ માટે મરચીના પાકમાં ફેનપ્રોપેથ્રીન ૩૦ ઈસી ૩.૪ મિ.લી. અથવા પાયરીપ્રોક્ષીફેન ૧૦ ઈસી ૧૬.૬૭ મિ.લી. પ્રતિ ૧૦ લિટર પાણી તેમજ ટામેટીના પાકમાં સાયન્ટ્રાનિલીપ્રોલ ૧૦.૨૬ ઓડી ૧૮ મિ.લી. અથવા સ્વાયરોમેસીફેન ૨૨.૯ એસસી ૧૨.૫ મિ.લી. અથવા થાયામેથોક્ઝામ ૨૫ ડબલ્યુજી ૪ ગ્રામ અથવા ઈમીડાક્લોપ્રીડ ૧૭.૮ એસએલ ૩ મિ.લી. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● રીંગણની ડુંખ અને ફળ કોરી ખાનાર ઈયળ રીંગણના પાકમાં જીવાતના ફેરોમોન ટ્રેપ હેકટરે ૬૦ પ્રમાણે ગોઠવવા અને લ્યુર દર ૨૧ દિવસે બદલવી.

● **રીંગણ :** મધ્ય ગુજરાત માટે આણંદ રીંગણ - ૬ વાવેતર કરવું. ટમેટા જીએટીએચ - ૧

● **લસણ :** ગુજરાત લસણ –૫ અથવા ૭નું વાવેતર કરવું

● તરબૂચના પાનકોરીયાના નિયંત્રણ માટે સાયાન્ટ્રામિલીપ્રોલ ૧૦ મિલી ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો બીજો ૧૫ દિવસે કરવો.

● રવિ ઋતુમાં શાકભાજી પાકો માટે ધરૂવાડિયાની તેમજ વાવણીની તૈયારી કરવી. શાકભાજીના પાકમાં બિયારણને થાયરમ અથવા કાર્બેન્ડાઝીમનો પટ અવશ્ય આપવો.

● ટામેટા જૂનાગઢ રૂબી, ગૂજરાત ટમેટા-૨, આણંદ ટમેટા-૩ અને ગૂજરાત આણંદ ટમેટા-૪ નું વાવેતર કરવું.

● ટમેટાના પાકમાં જરૂર જણાય તો મલ્ટીમાઈક્રોન્યુટ્રીયન્ટ પ્રવાહી ગ્રેડ-૪ ના ટકા દ્રાવણના ૪૫,૬૦ અને ૭૫ દિવસે છંટકાવ કરવો.

**લસણ:** ● વાવેતર માટે ગુજરાત લસણ-૧ (સફેદ જાત) અને ગુજરાત લસણ-૧૦ (લાલ જાત), ગુજરાત લસણ-૨, ગુજરાત લસણ-૩, ગુજરાત લસણ-૪, ૭, જી-૪૧, જી-૫૦,જી-૨૬૨, જી-૩૨૬ અથવા તમારા વિસ્તારમાં ચાલતી વધુ ઉત્પાદન આપતી પૈકી કોઈપણ એક જાતની પસંદગી કરવી.

● **લસણ:** ગુજરાત લસણ ૮ સોરઠ મોહિની

● **લસણ:** ગુજરાત લસણ ૮ (GG ૮: સોરઠ મોહિની)

● ગુજરાત રાજ્યના રવિ ઋતુ દરમિયાન લસણનો પાક ઉગાડતા ખેડૂતોને ગુજરાત લસણ-૮ (GG-૮: સોરઠ મોહિની) જાત ઉગાડવાની ભલામણ કરવામાં આવે છે.

● ઉચ્ચ કુલ દ્રાવ્ય ઘન પદાર્થો (૪૦.૩૬%), પાયરુવિક એસિડ (૨.૯૮ મિલિગ્રામ/ગ્રામ), કેરોટીનોઈડ્સ (૦.૮૨ મિલિગ્રામ/૧૦૦ ગ્રામ), રિડ્યુસિંગ સુગર (૨.૩૪%), એસ્કોર્બિક એસિડ (૯.૪૨%), સાચું પ્રોટીન (૩.૧૩%), કુલ કાર્બોહાઈડ્રેટ (૨૭.૩૨%) અને ફેનોલ (૩૮.૧૨%) હોય છે. બલ્બ મધ્યમ કદના, કોમ્પેક્ટ અને ક્રીમી સફેદ રંગના અને જાંબલી રંગના હોય છે.આ જાતમાં થ્રિપ્સનો ઓછો ઉપદ્રવ અને રોગો માટે મધ્યમ સંવેદનશીલતા પણ નોંધાઈ છે.

● પાકનું વાવેતર ઓકટો-નવેમ્બર માસ દરમ્યાન કરવું. વાવેતર વખતે હેક્ટર દીઠ ૨૫ કિલોગ્રામ નાઈટ્રોજન અને ૫૦ કિલોગ્રામ ફોસ્ફરસ તત્વ એટલે કે ૧૦૯ કિલોગ્રામ ડી.એ.પી. અને ૧૨ કિલોગ્રામ યુરિયા અથવા ૨૭ કિલોગ્રામ એમોનિયમ સલ્ફેટ ખાતર આપવું અને ૮૦ કિલોગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ આપવું.

**રાઈ:** ● વાવેતર માટે રાઈ વરૂણા અને રાઈ ગુજરાત-૧ અથવા તમારા વિસ્તારમાં ચાલતી વધુ ઉત્પાદન આપતી પૈકી કોઈપણ એક જાતની પસંદગી કરવી.

● બિયારણનો દર ૩.૫ કિલોગ્રામ પ્રતિ હેકટર રાખવો.

**અશ્વગંધા:** ● વાવણી વર્ષ માં બે વાર થઈ શકે, ઓગષ્ટના છેલ્લા અઠવાડીયામાં અથવા નવેમ્બરના પહેલા અઠવાડીયામાં વાવેતર થાય છે. તૈયાર કરેલા ચાસમાં દોઢ ફૂટ (૪૫ સે.મી.) ના અંતરે બે થી ત્રણ બીજ પડે તે પ્રમાણે વાવણી કરવી કે હાથે થી બીજ રોપવા નર્સરીથી ઉછેર માટે ક્યારીમાં ૫ સે.મી. ના અંતરે બીજ રોપી રોપ ઉછેરી જમીનમાં અનુકૂળ અંતરે રોપાય છે.

**આંબો:** આંબામાં ઓક્ટોબર કે નવેમ્બર માસમાં પોટેશિયમ નાઈટ્રેટ ૨ ટકાના દ્રાવણના બે છંટકાવ કરવા.

**નાળીયેરી:** ●નારીયેળીનાં વાવેતર માટે વાનફેર,લોટણ, ડી “ ટી અને ટી ” ડી જાતનું વાવેતર કરવું.

● નાળિયેરીનાં પાકમાં આંતર પાક તરીકે કેળ જેવા પાકો વાવી શકાય, હળદર , સૂરણ, તાનીયા.

**લીંબુ:** લીંબુના પાકમાં પાન કોરીયા અને કાળી માખીના નિયંત્રણ માટે ઈમિડાક્લોપ્રીડ (૪ મિ.લિ./૧૦ લીટર) નો છંટકાવ કરવો.

**ચીકુ** :ચીકુમાં બીજ કોરી ખાનારી જીવાતના નિયંત્રણ માટે ચોમાસા પછી ઓકટોબર અને નવેમ્બર મહિનામાં પોલીટ્રીનસી-૧૦ મિ.લિ. અથવા પ્રોફેનોફોસ ૧૨.૫ મિ.લિ. દવાનું ૧૦ લિટર પાણીમાં ૨૦ થી ૨૫ દિવસના અંતરે કરવાથી નિયંત્રણ થાય છે

**બોર:**ચોમાસું પૂરુ થયા પછી બોરના ઝાડ ફરતે કાળા પ્લાસ્ટિકનું મલ્ચ (૨૫ માઈક્રોન) પાથરવાથી વધુ ઉત્પાદન મળે છે.

**પૈપયા: પાનનો પંચરંગીયો** : આ રોગ પણ વિષાણુથી થાય છે જેનો ફેલાવો મોલો દ્વારા થાય છે તેને અટકાવવા માટે રોગિષ્ટ છોડને ઉખાડી નાશ કરવો. મોલો અને સફેદમાખી જેવી ચૂસિયાં પ્રકારની જીવાતના નિયંત્રણ માટે એસીફેટ ૭૫ % દવા ૧૫ ગ્રામ દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા.

**દાડમ** : ફૂગથી થતા પાન અને ફળના ટપકાં રોગની શરૂઆત જણાય કે તરતજ કાર્બેન્ડાઝીમ (૧૦ ગ્રામ) અથવા ડાયફેનકોનાઝોલ (૧૦ મિ.લી.) અથવા પ્રોપીકોનાઝોલ (૧૦ મિ.લી.) ૧૦ લિટર પાણીમાં દ્રાવણ બનાવી છંટકાવ કરવો. બીજા છંટકાવ વારાફરતી ૧૫ દિવસના અંતરે કરવા.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

# મકાઇના પાકમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન



ડો. એમ. કે. કાનાણી, ડો.એચ. સી. પટેલ, શ્રીપ્રેમચૌધરી અને
ડો. ડી. બી. સિસોદિયા કિટકશાસ્ત્રવિભાગ,બં. અ. કૃષિમહાવિદ્યાલય, આ. કૃ. યુ., આણંદ

ગાભમારાની ઈયળ : હાલના સમયમાં મકાઈના પાકમાં મુખ્ય જીવાત તરીકે ટપકાંવળી લશ્કરી ઈયળ એટલે કે ફોલઆર્મીવોર્મ ઊભરી આવેલ છે, અને ગાભમારી ઈયળનો ઊપદ્રવ જોવા મળતો નથી અથવા નહિવત પ્રમાણમાં જોવા મળે છે. જે કુદરતમાં જીવતોની વસ્તીમાં કેવા ફેરફારો થાય છે તેનું ઉત્તમ ઉદાહરણ છે.

મકાઈમાં બે જાતની ગાભમારાની ઈયળ જોવા મળે છે જેમાં પ્રથમ જાતની ઈયળ (કાયલો) આછા સફેદ રંગની અને શરીર પર કાળા ટપકાં ધરાવે છે, જ્યારે બીજી જાતની ઈયળ(સીસેમીયા) રતાશ પડતી ભૂંગળી, કાળા માથાવાળી અને શરીર પર કાળા ટપકાં ધરાવે છે. આ ઈયળો સાંઠાના પાનની ભૂંગળીમાં કોચીને દાખલ થતી હોવાથી આ પાન ખુલતાં તેના પર સમાંતર કાણાં દેખાય છે.ત્યાર બાદ તે સાંઠાને કોરી ખાય છે જેન પરિણામે વચ્ચે ડૂંખ(દાંડી) સુકાઈ જાય છે, જેથી તેને ગાભમારાની ઈયળ કહેવામાં આવે છે. આ ઈયળો મકાઈના ડોડાને પણ નુકસાન કરે છે.

**સંકલિત વ્યવસ્થાપન :**

● મકાઈની જાતો જેવીકે નર્મદા મોતી, એચ.પી.ક્યુ.પી. એમ.-૧, જી.એ.વાય.એમ.એચ.-૧ અને જી.એ.ડબલ્યુ.એમ. એચ. ૨ વાવવાથી ઉપદ્રવ ઓછો જોવા મળે છે.

● મકાઈની વાવણી ૧૫ થી ૩૦ જૂન સુધીમાં કરવાથી ગાભમારાની ઈયળનો ઉપદ્રવ ઓછો રહે છે.તેનાથી વહેલી અથવા મોડી વાવણી કરવાથી તેનો ઉપદ્રવ વધુ જોવા મળે છે.

● એસીટામીપ્રીડ ૧૯.૫ + ક્લોરાન્ટ્રાનિલીપ્રોલ ૧૯.૫ એફએસ ૧૦ મિ.લિ. પ્રતિ ૧ કિ.ગ્રા. બીજ દીઠ પટ/માવજત આપવી. વાવેતર કરવું.

● મકાઈની સાથે પિંજર પાક તરીકે નેપિયર ઘાસ, જ્યારે વિશિષ્ટ ગંધ પેદા કરતી આકર્ષક પાક તરીકે ચાલપતી (ડેસ્મોડીયમ) લેવાથી જીવાતના પુખ્ત ફૂદાં પાકથી દૂર ધકેલે છે અનેપિંજર પાક તરીકે નેપિયર ઘાસ આ ફૂદાંને ઈંડા મુકવા માટે આકર્ષે છે. આ ઈંડા નેપિયર ઘાસનાભેજવાળા જીવરસના કારણે નાશ થાય છે. વધુમાં પિંજર પાકથી જીવાતના કુદરતી દુશ્મનોને પણ ઉત્તેજના મળે છે. આ વ્યૂહરચના પુશ-પુલ વ્યૂહરચના તરીકે ઓળખાય છે.

● જો બીજ માવજત આપી ન હોય તો કાર્બોફ્યુરાન ૩ સીજી ૩૩ કિ.ગ્રા. હેક્ટર પ્રમાણે ચાસમાં આપી વાવણી કરવાથી પાકની શરૂઆતની અવસ્થામાં આ જીવાત સામે રક્ષણ મેળવી શકાય છે.

● પાકના ઉગાવા બાદ ૭ દિવસે ટ્રાઈકોગ્રામા ચિલોનિસ પરજીવી ૧ લાખ પ્રતિ હેક્ટરે છોડવા તેમજ ૧૦ થી ૧૨ દિવસે લીંબોળીના મીંજની ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) ૧૦ લિટર પાણીમાં મેળવી છંટકાવ કરવો.

● લીમડા આધારિત તૈયાર જીવાતનાશક ૧૦ મિ.લિ. (૫ ઈસી) થી ૫૦ મિ.લિ. (૦.૦૩ ઈસી)

૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવાથી આ જીવાતનું અસરકારક નિયંત્રણ કરી શકાય છે.

● બેસિલસ થુરિન્જીનેસીસ (બીટી) જીવાણુનો પાવડર ૨૦ ગ્રામ અથવા બ્યુવેરિયા બેસિયાના

ફૂગનો પાવડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

● વાવણી બાદ ૨૦ થી ૨૫ દિવસે ક્લોરાન્ટ્રાનિલીપ્રોલ ૦.૪ ટકા સીજી (દાણાદાર કીટનાશક) ૧૨.૫ કિ.ગ્રા./હે. ભૂંગળીમાં આપવી.

● થાયામેથોક્ષામ ૧૨.૬૦% + લેમ્બડા સાયહેલોથ્રીન ૯.૫૦% ઝેડસી ૨.૫ ગ્રામ અથવા ડાયમેથોએટ૩૦ ઈસી ૬.૬ મિ.લિ. અથવા ક્લોરાન્ટ્રાનિલીપ્રોલ ૧૮.૫ એસસી ૪ મિ.લિ. ૧૦ લિટર પાણીમાંભેળવી ૨૦ થી ૨૫ દિવસે છંટકાવ કરવો. જરૂર જણાય તો ફરીથી ગણે તે એક કીટનાશક ૨૦ થી ૨૫ દિવસે છાંટણી.

**મોલો:** આ જીવાત નાની, પોચા શરીરવાળી, લંબગોળ આકારની અને પીળાશ પડતા રંગની હોય છે. તેના બચ્ચાં અને પુખ્ત એમ બંને નુકસાન કરે છે. શરૂઆતમાં છોડની ભૂંગળીમાં, પાન પર અને ત્યાર બાદ ચમરી પર રસ ચૂસી નુકસાન કરે છે. ચમરીથી આ જીવાતને લીધે પરાગરજ ઉત્પન્ન થતી નથી. વધુ ઉપદ્રવને લીધે છોડ નબળો પડી પીળો પડે છે. તેનાં શરીરમાંથી મધ જેવો ચીકણો પદાર્થ ઝરતો હોવાથી ઉપદ્રવ વાળા ભાગ પર કાળા રંગની ફૂગનો વિકાસ થાય છે, જે છોડને પ્રકાશસંશ્લેષણ પ્રક્રિયામાં વિક્ષેપ પાડે છે.

**સંકલિત વ્યવસ્થાપન:**

● નાઈટ્રોજનયુક્ત ખાતરોનો ભલામણ મુજબ જ ઉપયોગ કરવો.

● ખેતરમાં રંગના ચીકણા પીંજર (યલો સ્ટીકી ટ્રેપ) પ્રતિ વિઘે ૩ થી ૪ પીળા ગોઠવવાથી તેના પર પાંખોવાળી મોલો ચોંટી જવાથી મોલોના ઉપદ્રવનો સમય અને પાંખોવાળી મોલોની વસ્તીમાં થતી વધઘટ જાણી શકાય છે.

● મોલો-મશીના અસરકારક વ્યવસ્થાપન માટે લીંબોળીના મીંજનોઅર્ક ૫ % (૫૦૦ ગ્રામ મીંજ/૧૦ લિટરપાણીમાં) સ્ટીકર ૦.૧% (૧૦મિ.લિ./૧૦ લિટર પાણી) પ્રમાણે ભેળવી પ્રથમ છંટકાવ મોલો-મશીની વસાહતની શરૂઆત થાય ત્યારે અને ત્યારબાદ બે છંટકાવ, પ્રથમ છંટકાવના ૧૦ દિવસના અંતરે કરવાની ભલામણ કરવામા આવે છે.

● થાયોમેથોકઝામ ૩૦ એફએસ ૬ મિ.લિ. અથવા થાયોમેથોકઝામ ૩૦ ડબલ્યુએસ૬ મિ.લિ. પ્રતિ ૧ કિ.ગ્રા. બીજ દીઠ પટ/માવજત આપવી. વાવેતર કરવું.

● જો વધુ ઉપદ્રવ હોય તો ઈમિડાક્લોપ્રીડ ૧૭.૮ એસએલ ૪ મિ.લિ. અથવા થાયોમેથોકઝામ ૨૫ ડબલ્યુજી ૪ ગ્રામ અથવા થાયોમેથોકઝામ ૧૨.૬૦% + લેમ્બડા સાયહેલોથ્રીન ૯.૪૦% ઝેડસી ૨.૫ ગ્રામ પ્રતિ કિલોગ્રામ એક હેક્ટરમાં ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**તીતીઘોડા:** આ જીવાતના બચ્ચાં પાંખ વગરના, પીળા રંગના અને લાલાશ પડતા બદામી રંગના ટપકાં ધરાવતા હોય છે. તેનો વિકાસ થતાં અવિકસિત પાંખો ધરાવે છે અને લીલો રંગ ધારણ કરે છે. પુખ્ત તીતીઘોડા પાંખોવાળા, મધ્યમ કદના હોય છે. તે લીલા રંગના અને પાછળના ભાગે ભૂરાશ પડતા હોય છે. તેના પૂર્ણ વક્ષ પર કાળી લીટીઓ હોય છે. બચ્ચાં શેઢા-પાળા પર ઉગેલ ઘાસ ખાય છે. ત્યાર બાદ ખેતરમાં વાવેલા પાકના પાન તેમજ કુમળી ડૂંખો ખાઈને નુકસાન કરે છે. વધુ ઉપદ્રવ હોય તો છોડના બધા જ પાન ખવાઈ જતા માત્ર નસો જ જોવા મળે છે.

**સંકલિત વ્યવસ્થાપન:**

● ઉનાળામાં ઊંડી ખેડ કરવાથી જમીનમાં રહેલા સુષુપ્ત ઈંડાના સમૂહ ઉપરની સપાટી પર આવતા તાપ અથવા પરભક્ષીઓથી નાશ પામે છે.

● શેઢા-પાળા ચોખ્ખા રાખવાથી બચ્ચાંનો સહેલાઈથી નિયંત્રણ કરી શકાય.

● શરૂઆતમાં શેઢા-પાળા પર ક્વીનાલફોસ ૧.૫ ટકા ભૂકી છાંટવી જેથી બચ્ચાં નાશ પામશે.

● ખેતરમાં તાપણાં કરવાથી અમુક અંશે આ જીવાતનો નાશ કરી શકાય.

● મકાઈના પાકમાં લીંબોળીના મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીમડાનું તેલ ૫૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી ઊભા પાકમાં છાંટવાથી તીતીઘોડા પાનને ખાવાનું પસંદ કરશે નહિ.

● ખેતરમાં ઉભા પાકમાં ઉપદ્રવ જણાય તો હેક્ટરે ૨૫ કિ.ગ્રા. પ્રમાણમાં ઉપરોક્ત ભૂકીરૂપ કીટનાશક અથવા ફિનવાલેરેટ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં મિશ્રણ કરી છંટકાવ કરવો.(ક્રમશ)

# ખેતીમાં સુક્ષ્મ જીવાણુની જરૂરિયાત

ડો. રિશી કે કાલરીયા, ડો વિપુલકુમાર સી. ગઢીયા,
૧. અસ્પી શકીલમ બાયોટેકનોલોજી ઇન્સ્ટિટ્યૂટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત
૨. ડો વિપુલકુમાર સી. ગઢીયા, એગ્રીકલ્ચર કોલેજ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, મોટા ભંડારીયા, અમરેલી

સૂક્ષ્મજીવાણુઓ ઘણા જ બારીક અને નાના કદમાં હોય છે જે નરી આંખે જોઈ શકાતા નથી પરંતુ દરેક સ્થળે અને સમયે આ સુક્ષ્મ જીવાણુંઓ ફેલાયેલા હોય છે. જમીનમાં એવા ઘણા પ્રકારના સૂક્ષ્મ જીવાણુઓ વસવાટ કરે છે કે જે વનસ્પતિને બહુ ઉપયોગી હોય છે. આવા સૂક્ષ્મ જીવાણુઓ હવામાંના મુકત નાઈટ્રોજનને સ્થિર કરે છે તથા જમીનમાં રહેલ અલભ્ય ફોસ્ફરસને લભ્ય સ્વરૂપમાં પરિવર્તિત કરે છે અથવા સેન્દ્રિય પદાર્થને ઝડપી કહોવડાવવામાં મદદ કરે છે. આ તમામ પ્રકારના સૂક્ષ્મ જીવાણુઓની બનાવટને ગુજરાતી ભાષામાં ‘‘જૈવિક ખાતર’’ અથવા અંગ્રેજીમાં ‘‘બાયોફર્ટીલાઈઝર’’ કહેવામાં આવે છે. જુદાજુદા જૈવિક ખાતરોમાં રાઈઝોબિયમ, અઝોટોબેકટર, અઝોસ્પાઈ રીલમ, ફોસ્ફોબેકટેરીયા, પોટાશ કલ્ચર, બ્લુ ગ્રીનઆલ્ગી તથા અઝોલા પર ઘનિષ્ઠ સંશોધન થયેલ છે.




● લેકટીક એસિડ બેકટેરીયા

● યીસ્ટ અને એકટીનોમાઈસેટસ

● ફોટોસિંથેટિકસ બેકટેરીયા

સુક્ષ્મ જીવાણુની ઉપયોગીતા :

● કોઈ પણ જૈવિક કચરાને જલદી સડાવવા માટે.

● આ જૈવિક કચરાને ફરી ઉપયોગમાં લેવા માટે.

● જૈવિક ખાતરો તરીકે, આ ઉપયોગીતાને કારણે મનુષ્યનું જીવન વિશેષ સુખકારક બનેલ છે. ઉપરાંત ખેતીની અંદર ઉપયોગ થતાં મોંધા કૃષિ રસાયણોનો વપરાશ ઘટાડી શકાય છે. ખોરાકને લાંબા સમય સુધી સાચવી શકાતા ખોરાકની સલામતી વધી શકે છે. વિશેષમાં આ સુક્ષ્મ જીવાણુંનો ઉપયોગ પ્રદૂષણ મુકત છે.

એઝેટો : નાઈટ્રોજન ફિકસીંગ બેકટેરીયા ફાયદાઓ :

આ પ્રવાહી જૈવિક ખાતર દ્વારા હવામાનમાં રહેલ નાઈટ્રોજન જમીનમાં ફીકસ થાય છે. એક લિટર જમીનમાં આપતા ૩૫-૪૦ કિલો નાઈટ્રોજન ફીકસ થાય છે. આ જૈવિક ખાતરો પ્રદૂષણ મુકત અને ખેતી ખર્ચમાં ૨૦ થી ૨૫ ટકા બચત કરે છે.

**ફોસ્ફો** : ફોસ્ફરસ સોલ્યુબિલાઈજીંગ અને મોબિલાઈઝંગ બેકટેરીયા ફોસ્ફરસ પાક માટે સ્થિર તત્વ હોવાથી જાતે હેરફેર કરી શકતું નથી, પરંતુ કેશ્યમ ફોસ્ફટ બની જમીનના રજકણ સાથે જકડાઈ પાક માટે અલભ્ય બની જાય છે. ફોસ્ફો બેકટેરીયા આ અલભ્ય ફોસ્ફરસને પાક માટે લભ્ય બનાવે છે.

**પોટાશ** : પોટાશ સાલ્યુબિલાઈજીંગ અને મોબિલાઈજીંગ બેકટેરીયા પોટાશ યુક્ત ખાતરો જમીનના રજકણો સાથે જકડાઈ અલભ્ય બને છે જેને આ બેકટેરીયા જમીનમાં આપતા લભ્ય બનાવે છે. હાલ દેશમાં પોટાશવાળા તમામ ખાતરો પરદેશથી આયાત કરતા કિંમત હૂંડિયામણ ગુમાવવું પડે છે.

**એસિટોબેકટર** : આ શેરડી માટે ખાસ બાયોફર્ટિલાઝર્સ બનાવેલ છે. અસિટોબેકટર પણ નાઈટ્રોજન ફિકસીંગ બેકટેરીયા છે જે એઝેટોની માફક શેરડીમાં ૨ લિટર એક એકર પ્રમાણે વાપરવાથી ૬૦-૭૦ કિલો નાઈટ્રોજન ફીકસ કરે છે.

**રાઈઝોબિયમ** : કઠોળ વર્ગના પાકો જેવા કે (તુવેર, મગફળી, મગ, મઠ, અડદ) ના પાકો માટે ખાસ બનાવેલ છે.

**ફાસ્ટ ડીકમ્પોસ્ટીગ:** દેશી ખાતર, સુકા પાંદડા, લણણી પછીના અવશેષો તથા મરેલા પશુ, પક્ષી તથા જીવજંતુઓને જલ્દી સડાવવા માટે તથા સેન્દ્રિય ખાતરને એનરિચ કરવા માટે આ બેકટેરીયા વપરાય છે. ૧૦ ટનના ખાતરના ઢગલા ઉપર અથવા પાકની લણણી પછીના અવશેષોને જલ્દી સડાવવા રોટાવેટર ચલાવી પાણી આપી એક એકરે એક લિટર પ્રમાણે ૧૦૦ લિટર પાણીમાં મેળવી છંટકાવ કરવો જેથી ૩-૪ ટન સેન્દ્રિય ખાતર જમીનમાં ઉમેરાશે.

**અઝોલા** : એઝોલા એ કોઈ સૂક્ષ્મજીવાણું નથી પરંતુ પાણીમાં તરતા હંસરાજ (ફર્નસ) છે. તે સાઈના બેકટેરીયમના યજમાન તરીકે કામ કરે છે. આ અઝોલાની જાતમાં અઝોલા પિનાટા મુખ્ય છે.

બ્લ્યુ ગ્રીન આલ્ગી: આ બ્લ્યુ ગ્રીન આલ્ગીની ૧૦૦ કરતાં વધારે જાતો છે અને જે હવામાનમાંથી નાઈટ્રોજન ફિક્સ કરવા માટે જાણીતી છે.

**બાયોફર્ટિલાઈઝર્સ વાપરવાની રીત: (૧) બીજ માવજત :** કોઈપણ પ્રકારના બીજને માવજત આપવા ૨૦ કિલો બીજ માટે ૧ લિટર પાણીમાં ૫૦ મિ.લિ. એઝેટો, ૨૫ મિ.લિ. ફોસ્ફો અને ૨૫ મિ.લિ. પોટાશ જૈવિક ખાતરો વાવણી પહેલા મોવાણ આપી સુકવીને વાવવું. કઠોળ વર્ગના પાક માટે રાઈઝોબિયમ વાપરવું.

**(૨) ધરૂ માવજત:** આ બાયોફર્ટિલાઈઝર્સ રીંગણ, મરચાં, ટામેટા, ફૂલેવર, કેબેજ, બ્રોકોલી, ડાંગર, તમાકુ વગેરેના તમામ પાકના ધરૂને ૧૦ લિટર પાણીમાં ૧૦૦મિ. લિ. ફોસ્ફો + ૫૦મિ.લિ. પોટાશ મેળવી ધરૂના મૂળ ડૂબ તે રીતે ૧૦ મિનિટ બોળી રાખી રોપવાથી છોડ જલ્દી સેટ થઈ સારો વિકાસ થશે.

**જૈવિક ખાતરો વાપરવામાં રાખવાની કાળજીઓ** : આ ખાતરોને કોઈપણ કૃષિ રસાયણો સાથે ભેળવવા નહી.

કૃષિ રસાયણો વાપર્યા હોય તો ૪ થી ૫ દિવસનો સમય રાખવો. આ જૈવિક ખાતરો જે જમીનમાં સેન્દ્રિય તત્ત્વો વધારે હોય ત્યાં વિશેષ ફાયદો કરશે. જૈવિક ખાતરો વાપરીએ તો જમીનમાં ભેજ હોવો જરૂરી છે. આ જૈવિક ખાતરોને ખુલ્લા તડકામાં ન રાખવા.

# અમરેલી-ચોટીલા નેશનલ હાઈવે માટે રૂ. ૨,૧૨૫ કરોડની મંજૂરી

અમરેલી,તા.૦૪

અમરેલી લોકસભા મતવિસ્તાર સહિત સમગ્ર સૌરાષ્ટ્રના માર્ગ માળખાને વધુ મજબૂત બનાવતી મહત્વપૂર્ણ મંજૂરી કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવી છે. અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરિયાના સઘન પ્રયાસો, સતત રજૂઆતો અને માર્ગ વિકાસ માટેની સક્રિય કામગીરીને પગલે રાષ્ટ્રીય રાજમાર્ગના બે મહત્વપૂર્ણ પ્રોજેક્ટને કરોડોની મંજૂરી મળી છે. રાષ્ટ્રીય રાજમાર્ગ-૩૫૧Gના નાગેશ્રી-અમરેલી-ચોટીલા ૧૯૬ કિમી લાંબા માર્ગને અપગ્રેડ કરવા માટે રૂ.૨,૧૨૫.૫૫ કરોડની મંજૂરી આપવામાં આવી છે. હાઈબ્રિડ એન્યુઈટી મોડ હેઠળ પેવ્ડ શોલ્ડર્સ સાથેનો બે-લેન માર્ગ વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટમાં અમરેલી બાયપાસ, જસદણ-આટકોટ-બાબરા સેક્શન તેમજ ચોટીલા શહેર વિસ્તારમાં ચાર-લેન માર્ગના અપગ્રેડેશનનો સમાવેશ થાય છે. આ માર્ગ પ્રોજેક્ટ સાકાર થતાં અમરેલી, રાજકોટ અને સુરેન્દ્રનગર વચ્ચેની કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે. મુસાફરો તેમજ માલસામાનની અવરજવર વધુ સરળ બનશે અને અમરેલી તથા બાબરા બાયપાસના કારણે શહેરોમાંથી પસાર થતા ટ્રાફિકનું ભારણ પણ ઘટશે.



માર્ગના વિકાસથી આસપાસના ગ્રામ્ય વિસ્તારોને પણ વધુ સારી પરિવહન સુવિધા મળવાની આશા છે. વેપાર-ધંધા અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓને પણ આ માર્ગ વિકાસથી વેગ મળવાની શક્યતા છે. આ ઉપરાંત રાષ્ટ્રીય રાજમાર્ગ-૩૫૧ના બગસરા-વડિયા-જેતપુર માર્ગ માટે રૂ. ૩૭૭.૩૬ કરોડની મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટથી અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોને વધુ સારી રાષ્ટ્રીય રાજમાર્ગ કનેક્ટિવિટી મળશે. સાથે સૌરાષ્ટ્રના જુદા જુદા વિસ્તારો વચ્ચેનું માર્ગ જોડાણ પણ વધુ સુદ્રઢ બનશે. બંને પ્રોજેક્ટથી માર્ગ પરિવહન વ્યવસ્થા વધુ સુગમ બનવાની સાથે પ્રવાસનો સમય ઘટાડવામાં પણ મદદ મળશે. સાંસદ ભરતભાઈ સુતરિયાએ રાષ્ટ્રીય રાજમાર્ગના વિકાસ માટે સતત રજૂઆતો કરી હતી. તેમની સઘન રજૂઆતો બાદ હવે કરોડોની ફાળવણી સાથે આ મહત્વપૂર્ણ માર્ગ પ્રોજેક્ટને આગળ વધવાનો માર્ગ મોકળો થયો છે. અમરેલી લોકસભા મતવિસ્તારના માર્ગ વિકાસ માટે લાંબા સમયથી કરવામાં આવી રહેલા પ્રયાસોને આ મંજૂરીનું મહત્વપૂર્ણ પરિણામ માનવામાં આવી રહ્યું છે. આ મહત્વપૂર્ણ મંજૂરી બદલ સાંસદ ભરતભાઈ સુતરિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિનભાઈ ગડકરીનો આભાર વ્યક્ત કર્યો છે. અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્રના માર્ગ વિકાસને નવી દિશા આપતી આ મંજૂરીથી આગામી સમયમાં માર્ગ જોડાણ વધુ મજબૂત બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

**સાંસદ ભરત સુતરિયાની રજૂઆતોને પગલે નાગેશ્રી-અમરેલી-ચોટીલા અને બગસરા-વડિયા-જેતપુર માર્ગને લીલીઝંડી**

## બગસરા પાલિકા પ્રમુખે સૌની યોજના હેઠળ મુંજીયાસર ડેમ ભરવા માંગ કરી

બગસરા,તા.૦૪

બગસરા નગરપાલિકાના પ્રમુખ નિરવ ગોંડલીયાએ તા. ૦૩/૧૦/૨૦૨૬ના રોજ પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને પત્ર લખી સૌની યોજના અંતર્ગત મુંજીયાસર ડેમ ભરવા માંગ કરી છે. સને ૨૦૧૧ની વસ્તી મુજબ બગસરા શહેરની વસ્તી ૩૪૫૨૧ છે અને હાલ અંદાજે ૪૦ હજારની વસ્તી ધરાવતુ શહેર છે. શહેરને પીવાનુ પાણી મુખ્ય સ્ત્રોત મુંજીયાસર ડેમ આધારીત છે. આ વર્ષે ચોમાસાની સિઝન દરમ્યાન વરસાદ ઓછો થવાથી ડેમમાં પાણી ઓછુ ભરાયેલ છે, જેના કારણે નિચલા વિસ્તારના સ્ત્રોતમાં પાણી ઘટી ગયા છે. આવતા ચોમાસા સુધી નાગરીકોને પીવાના પાણીની તકલીફ ન પડે તે માટે ડેમ ભરવા જવાબદાર અધિકારીઓ અને પદાધિકારીઓને પત્ર પાઠવ્યો છે.

## શીતલ આઈસ્ક્રીમના માલિક દિનેશભાઈ ભુવાની અખિલ ભારતીય કૂર્મી ક્ષત્રિય મહાસભાના ગુજરાત ઉપાધ્યક્ષ તરીકે નિમણૂક

અમરેલી,તા.૦૪

અખિલ ભારતીય કૂર્મી ક્ષત્રિય મહાસભા, ગુજરાત પ્રદેશ દ્વારા સંગઠનને વધુ મજબૂત અને ગતિશીલ બનાવવાના હેતુથી એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી ગોપાલભાઈ પ્રાગજીભાઈ વસ્તરપરા (ચમારડી) દ્વારા અમરેલીના જાણીતા યુવા ઉદ્યોગપતિ અને



શીતલ આઈસ્ક્રીમના માલિક દિનેશભાઈ દકુભાઈ ભુવાની ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ પદે નવનિયુક્તિ કરવામાં આવી છે. દિનેશભાઈ ભુવા, લેઉવા પટેલ સમાજ અમરેલીના પ્રમુખ પણ રહી ચૂકયા છે. સાથે જ લાયન્સ કલબના પણ પ્રમુખ તરીકે સેવા આપી છે. સામાજિક ક્ષેત્રે સક્રિય, નિષ્ઠાવાન અને સમાજસેવા માટે સદાય તત્પર રહેનાર વ્યક્તિત્વ ધરાવે છે. તેમની આ નિમણૂકથી અમરેલી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં કૂર્મી ક્ષત્રિય સમાજમાં નવી ઊર્જાનો સંચાર થયો છે. સમાજની એકતા, સંગઠનની મજબૂતી અને સર્વાંગી વિકાસના સૂત્રને સાકાર કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. આ નિમણૂક બદલ અખિલ ભારતીય કૂર્મી ક્ષત્રિય મહાસભાના તમામ હોદેદારો અને સમાજના અગ્રણીઓએ તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

## લાઠીમાં આજે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

અમરેલી,તા.૦૪

લાઠી નગરપાલિકા અને વહીવટી તંત્ર દ્વારા તા. ૫ ઓક્ટોબર, ૨૦૨૬ સોમવારે 'સેવા સેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. કાર્યક્રમ સવારે ૯ કલાકે લાઠી નગરપાલિકા ખાતે શરૂ થશે. નાગરિકોને વિવિધ સરકારી સેવાઓનો લાભ ઝડપથી, પારદર્શક રીતે અને સરળતાથી એક જ સ્થળે મળી રહે તે મુખ્ય હેતુ છે. કાર્યક્રમમાં આધારકાર્ડ અપડેશન, નવી નોંધણી, સામાજિક સુરક્ષા પેન્શન, આવક, જાતિ અને EWS પ્રમાણપત્ર સહિતની સેવાઓ મળશે. આરોગ્ય વિભાગની મા કાર્ડ, આયુષ્માન ભારત, મહેસૂલ વિભાગ, રેશનકાર્ડ તેમજ નગરપાલિકાની વિવિધ નાગરિકલક્ષી સેવાઓનો પણ લાભ આપવામાં આવશે. લાઠી શહેરના તમામ નાગરિકોને આ લોક કલ્યાણકારી કાર્યક્રમનો લાભ લેવા માટે આમંત્રણ અપાયુ છે. કાર્યક્રમનું આયોજન પ્રમુખ દયાબેન સી. જમોડ અને ચીફ ઓફિસર એચ.એ. કાતરિયા દ્વારા કરવામાં આવ્યુ છે.

## ઉના બાયપાસ રોડ પર બોલેરો ટ્રેક્ટર પાછળ ઘૂસી જતા યુવકનું મોત, ત્રણ ઘાયલ

ઉના,તા.૦૪

ઉના બાયપાસ રોડ પર મોડી રાત્રે પથ્થર ભરેલા ટ્રેક્ટર પાછળ પૂરપાટ ઝડપે આવેલી બોલેરો કાર ધડાકાભેર ઘૂસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કાર ચલાવી રહેલા ગોંડલ તાલુકાના ગુંદાળા ગામના રહેવાસી ૩૦ વર્ષીય કિપાલ જયંતિભાઈ ડાભીને ગંભીર ઈજાઓ થતાં



ઘટનાસ્થળે જ મોત નિપજ્યુ હતુ. બોલેરો કારમાં સવાર અન્ય ત્રણ યુવકો પૈકી જીગ્નેશ પરબતભાઈ મકવાણાને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક ઉનાની ખાનગી હોસ્પિટલના આઈસીયુમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે અકસ્માતમાં કુલદીપ કિશોરભાઈ ગણાત્રા અને મનસુખ છગનભાઈ ઉમરખાણિયાને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. બંનેને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. મોડી રાત્રે સર્જાયેલા આ અકસ્માતના પગલે ઘટનાસ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને અકસ્માતને લઈને અરેરાટી વ્યાપી ગઈ હતી.

## યુક્રેનમાં ભારતીય ઉદ્યોગપતિની દવા ફેક્ટરી પર રશિયાનો ડ્રોન હુમલો

મોસ્કો,તા.૦૪

રશિયાએ યુક્રેનના સૂમી શહેરમાં ભારતીય ઉદ્યોગપતિ રાજીવ ગુપ્તાની દવા બનાવતી ફેક્ટરી પર ડ્રોનથી હુમલો કર્યો હોવાના અહેવાલ છે. હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. ફેક્ટરીની મુખ્ય ઈમારતને ભારે નુકસાન થયુ છે અને તેનો મોટો હિસ્સો નષ્ટ થઈ ગયો છે. પ્રાથમિક અંદાજ મુજબ કંપનીને ઓછામાં



ઓછું ૪૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયુ હોવાનું જણાવાય છે. હુમલા બાદ ફેક્ટરી વિસ્તારમાં ધુમાડાના મોટા ગોટા જોવા મળ્યા હતા. અધિકારીઓના જણાવ્યા મુજબ મૃતકો અને ઘાયલોની સંખ્યા વધી શકે છે. આ ફેક્ટરી રશિયાની સરહદથી આશરે ૨૩ કિલોમીટર દુર આવેલી છે. આ ફેક્ટરી કુસુમ ગ્રુપની છે, જેનું સંચાલન ભારતીય નાગરિક રાજીવ ગુપ્તા કરે છે. તેઓ ૧૯૯૦ના દાયકામાં યુક્રેન ગયા હતા. કુસુમ ગ્રુપે ૧૯૯૬માં ભારતની દવાઓ યુક્રેન મોકલતી ડિસ્ટ્રિબ્યુટર કંપની તરીકે કામગીરી શરૂ કરી હતી અને ૧૯૯૯માં યુક્રેનમાં કંપની તરીકે સ્થાપિત થઈ હતી. ગ્રુપની હેડ ઓફિસ કીવમાં આવેલી છે.

## હરમડીયા-એભલવડ રોડ પર ગૌવંશનું માથું ધડથી અલગ મળતા ચકચાર

ગીર ગઢડા, તા.૦૪

ગીર ગઢડા તાલુકાના હરમડીયા ગામથી એભલવડ તરફ જતા રોડ પર ગૌવંશનું માથું ધડથી અલગ હાલતમાં મળી આવતા ચકચાર મચી હતી. માર્ગ પરથી પસાર થતા રાહદારીએ ગૌવંશના અવશેષો જોતા ગૌરક્ષકોને જાણ કરી હતી. ત્યારબાદ સંબંધિત તંત્રને જાણ કરવામાં આવતા ૧૦૨ સેવા મારફતે મૃત ગૌવંશને ખસેડવામાં આવ્યું હતું. બનાવ અંગે ગીર ગઢડા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. ગૌવંશનું માથું ધડથી અલગ કઈ રીતે થયું તે સહિતના મુદ્દે તપાસ ચાલી રહી છે. પોલીસ તપાસ બાદ જ ઘટનાની હકીકત સ્પષ્ટ થશે.



તસવીર : કૈલાશ ભટ્ટ

## ધોરાજીમાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત સફાઈ કામગીરી

ધોરાજી,તા.૦૪



ધોરાજી ખાતે સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત નગરપાલિકાના નવનિયુક્ત ચીફ ઓફિસર મુકેશ વાઘેલાના અધ્યક્ષ સ્થાને વિશેષ સફાઈ અભિયાન યોજાયુ હતું. જેમાં પાલિકાના વિવિધ વિભાગોના કર્મચારીઓ સફાઈ ઝુંબેશમાં જોડાયા હતા. સ્ટેશન પ્લોટ વિસ્તારમાં જનતા ગાર્ડનથી સ્ટેશન રોડ અને ગેલેક્સી ચોક સુધી કર્મચારીઓએ જાતે સફાઈ કરી હતી. તેમજ સફાઈ કામદારોને પણ અભિયાનમાં જોડીને શહેરમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## વેલજીભાઈ શેટાએ પિતાના નિધન પર વ્હોટસએપ બેસણું રાખવાના નિર્ણયને સુરત પટેલ સેવા સમાજે આવકાર્યો

સુરત,તા.૦૪

સમસ્ત પાટીદાર સમાજ સુરતના પ્રમુખ અને સુરત કેડાઈના પૂર્વ પ્રમુખ વેલજીભાઈ શેટા પરિવારે પિતા મોહનભાઈના અવસાન બાદ પરંપરાગત ઘેર બેસવાની પ્રથા બંધ રાખી 'વ્હોટ્સએપ બેસણું' રાખવાનો ક્રાંતિકારી નિર્ણય લીધો છે, જેને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા આવકારવામાં આવ્યો છે. ૯૦ વર્ષની વયે અવસાન પામેલા પિતાની સ્મૃતિમાં પરિવારે લૌકિક રિવાજો છોડી ડિજિટલ માધ્યમ અપનાવતાં વ્યાપક પ્રતિસાદ મળ્યો હતો. પટેલ સેવા સમાજના પ્રમુખ કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું કે, સુરતમાં રાત્રે યોજાતા બેસણાંમાં સેંકડો લોકો એકઠા થવાથી ભારે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે તેમજ વાડીઓની અછત વચ્ચે માત્ર સામાજિક ઔપચારિકતા જ નિભાવાય છે. આ બદલાતા સમયમાં સમય અને સંસાધનોની બચત કરતા શેટા પરિવારનો આ પ્રગતિશીલ નિર્ણય સમગ્ર સમાજને નવી દિશા આપનારો અને પરિવર્તન તરફ દોરી જનારો સાબિત થશે.

## ધોરાજી પંથકમાં વરસાદના ખેંચથી મૂંઝાતા પાકો અને વીજળીના ખર્ચથી ખેડૂતો ચિંતિત

ધોરાજી, તા.૦૪

ધોરાજી પંથકમાં ચાલુ ચોમાસાની સિઝન ખેડૂતો માટે પડકારજનક બની હોવાની રજૂઆત થઈ રહી છે. વાવેતર પહેલાં ડીઝલ, ખાતર, બિયારણ, દવા અને મજૂરીના ખર્ચમાં વધારો થતાં ખેડૂતો પર આર્થિક ભાર વધ્યો હતો. વાવેતર બાદ વરસાદ ખેંચાતા કપાસ, મગફળી, સોયાબીન અને એરંડા સહિતના પાકને પાણીની તંગીનો સામનો



કરવો પડ્યો હતો. સિંચાઈની સુવિધા ધરાવતા ખેડૂતોએ સ્વખર્ચે પાક બચાવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ વરસાદ અને અસહ્ય ગરમીના કારણે પણ પાકને નુકસાન થયાની ખેડૂતોની રજૂઆત છે. ખેડૂત વિજય બાબરીયા, જયેશ લાખાણી અને ખેડૂત આગેવાન દિનેશ વોરાએ ખેતી ખર્ચ અને હવામાનની અસર અંગે ચિંતા વ્યક્ત કરી હતી. હવે શિયાળુ વાવેતર માટે પાણીની ઉપલબ્ધતા અંગે પણ ખેડૂતો ચિંતિત છે. પાક નુકસાનનો યોગ્ય સર્વે કરી નિયમ મુજબ સહાય આપવા અને ખેતી ખર્ચમાં રાહત આપવા ખેડૂતો દ્વારા સરકાર પાસે માંગ કરવામાં આવી છે.

## અમદાવાદમાં 'ટીમ મોદી ગુજરાત' દ્વારા મહારક્તદાન, 'મન કી બાત' કાર્યક્રમ યોજાયો

**કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકરો તથા સેવાભાવી લોકો જોડાયા**

ઉના,તા.૦૪

અમદાવાદ ખાતે 'ટીમ મોદી ગુજરાત' દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે મહારક્તદાન તથા 'મન કી બાત' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં



સૌરાષ્ટ્ર અને ગુજરાતની લોકગાયિકા રાજલબેન અલ્પેશભાઈ બાંભણીયા ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે સાબરમતી વિધાનસભાના ધારાસભ્ય ડો. હર્ષદભાઈ પટેલ અને નારણપુરા વિધાનસભાના ધારાસભ્ય જીતેન્દ્રભાઈ પટેલ ભગત સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહારક્તદાનના માધ્યમથી સેવાકીય પ્રવૃત્તિ અને જનકલ્યાણનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકરો તથા સેવાભાવી લોકો જોડાયા હતા. આયોજકો દ્વારા 'સેવા, સુશાસન અને સંકલ્પ'ના સંદેશ સાથે કાર્યક્રમ યોજાયો હતો.

# ચાલતી કારમાં ઘૂસી પોલીસે ચાર આરોપીઓ સહિત રૂ.૪ કરોડનું સોનું ઝડપી પાડ્યું

**નડીયાદ રેલ્વે સ્ટેશન પર સોનાની લૂંટના ગૂનાનો અમદાવાદ એલસીબી અને વિરમગામ પોલીસે પર્દાફાશ કર્યો**

નડિયાદ,તા.૦૪

નડિયાદ રેલવે સ્ટેશન પર થયેલી ચર્ચાસ્પદ સોનાની લૂંટના ગુનાનો અમદાવાદ ગ્રામ્ય એલસીબી (LCB) અને વિરમગામ ટાઉન પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને સફળતાપૂર્વક પર્દાફાશ કર્યો છે. પોલીસે આ ચકચારી કેસમાં ચાર આરોપીઓની ધરપકડ કરી છે અને તેમની પાસેથી લૂંટાયેલા સોના સહિત આશરે રૂ.૪ કરોડનો કિંમતી મુદ્દામાલ તેમજ ગુનામાં ઉપયોગમાં લેવાયેલા બે વાહનો જપ્ત કર્યા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, નડિયાદ રેલવે સ્ટેશન પરિસરમાં લૂંટની ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપીઓ વિરમગામ બાયપાસ હાઈવે તરફથી ઝડપથી પસાર થઈ રહ્યા હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે અમદાવાદ ગ્રામ્ય એલસીબી અને વિરમગામ ટાઉન પોલીસની ટીમોએ તુરંત હિલચાલ શરૂ કરી વિરમગામ હાઈવે પર વ્યૂહાત્મક રીતે વોચ ગોઠવી દીધી હતી. વિરમગામના શ્રી પંચમુખી હનુમાન મંદિર નજીક આવેલી પોપટ ચોકડી અને નીલકી ગામ પાસે જ્યારે શંકાસ્પદ કાર



પસાર થઈ, ત્યારે પોલીસે તેને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આરોપીઓએ કાર ઊભી રાખવાને બદલે ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન પરિસ્થિતિની ગંભીરતા સમજીને પોલીસ ઈન્સ્પેક્ટરે (PI) અત્યંત બહાદુરી અને સતર્કતા દર્શાવતા ચાલતી કારમાં સાહસપૂર્વક પ્રવેશ કર્યો હતો અને આરોપીઓને કાબૂમાં લઈ લીધા હતા. પોલીસની આ ત્વરિત અને ફિલ્મ શૈલીની કાર્યવાહીના કારણે ચારેય આરોપીઓ જાળમાં ફસાઈ ગયા હતા. પોલીસે આરોપીઓની પાસેથી લૂંટમાં ગયેલું સોનું અને અન્ય કિંમતી સામાન મળીને અંદાજે રૂ.૪ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ઉપરાંત, ગુનાના આચરણ માટે વપરાયેલા બે વાહનો પણ જપ્ત કરી લેવામાં આવ્યા છે. કબ્જે કરાયેલા મુદ્દામાલમાં સોનાનું ચોક્કસ વજન, વર્તમાન બજાર કિંમત અને અન્ય વસ્તુઓની વિગતો અંગે પોલીસ વિભાગ દ્વારા આગળની માપણી અને સત્તાવાર પ્રક્રિયા બાદ વધુ સ્પષ્ટતા કરવામાં આવશે. ચારેય આરોપીઓની અટકાયત કર્યા બાદ પોલીસે તેમની ઊંડાણપૂર્વક પૂછપરછ હાથ ધરી છે. નડિયાદ રેલવે સ્ટેશન ખાતે આચરવામાં આવેલી આ લૂંટમાં અન્ય કોઈ સ્થાનિક કે બહારના મદદગારોની સંડોવણી હતી કે કેમ, લૂંટાયેલું આ કિંમતી સોનું ક્યાં પહોંચાડવાનું આયોજન હતું અને સમગ્ર કાવતરા પાછળ મુખ્ય સૂત્રધાર કોણ છે તે દિશામાં પોલીસે તપાસનો દોર તેજ કર્યો છે. અમદાવાદ ગ્રામ્ય એલસીબી અને વિરમગામ પોલીસની આ સંયુક્ત સફળતાથી સમગ્ર પંથકમાં પોલીસની કામગીરીની પ્રશંસા થઈ રહી છે.

# ગાંધીનગર મનપા ચૂંટણીમાં ભરતસિંહ સોલંકીના ભાજપ પર આકરા પ્રહારો

ગાંધીનગર,તા.૦૪

ગાંધી નગર મહાનગરપાલિકાની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો વધી ગયો છે. કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ ભાજપ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ગાંધીનગરની જનતા ભાજપના ભ્રષ્ટાચાર, અહંકાર અને મોંઘવારીથી ત્રાહિમામ પોકારી ગઈ છે. તેમણે ભાજપ પર ચૂંટણી જીતવા સરકારી તંત્રનો દુરુપયોગ કરવાનો અને કોંગ્રેસના



કાર્યકરોને હેરાન કરવાનો આક્ષેપ પણ કર્યો હતો. બીજી તરફ, ભાજપે આ તમામ આક્ષેપોને ફગાવીને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યા છે. હાલ ભાજપ, કોંગ્રેસ અને આપ દ્વારા જોરશોરથી પ્રચાર ચાલુ છે.

# મહેસાણા જિલ્લામાં ત્રણ અકસ્માતોમાં ૩ લોકોનાં કરૂણ મોત થયા, ૩ ઈજાગ્રસ્ત

મહેસાણા,તા.૦૪

મહેસાણા જિલ્લામાં સર્જાયેલા ત્રણ અલગ-અલગ માર્ગ અકસ્માતમાં ત્રણ લોકોના કરૂણ મોત નિપજ્યા છે, જ્યારે ત્રણ લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે.



પ્રથમ ઘટનામાં, મહેસાણા-પાલનપુર હાઈવે પર ફતેપુરા સર્કલ નજીક ટ્રક ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવતા સાઈડમાં ઊભેલી ટ્રક અને એક યુવકને ટક્કર મારી હતી. જેમાં બિહારના વતની દશરથપ્રસાદ યાદવનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું, જ્યારે કેબિનમાં ફસાયેલા ટ્રક ડ્રાઈવરને ફાયર બ્રિગેડે બહાર કાઢી સારવાર અર્થે ખસેડ્યો હતો.

બીજા અકસ્માતમાં, મહેસાણા-મોઢેરા રોડ પર બાઈક પર જઈ રહેલા દંપતીને ફોરવ્હીલ ગાડીએ ટક્કર મારતાં દિનેશભાઈ પટેલનું ગંભીર ઈજાઓને કારણે હોસ્પિટલમાં મોત થયું હતું, જ્યારે તેમની પત્ની ઈજાગ્રસ્ત થઈ હતી.

ત્રીજી ઘટનામાં, સતલાસણાના કોઠાસણા પાટિયા પાસે ડાલાની ટક્કરે સ્કૂટર સવાર બળવંતસિંહ ચૌહાણનું મોત થયું હતું, જ્યારે પશાભાઈ નાયીને ફ્રેક્ચર થતાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે.

# મેલુ ઉપાડવા અંગે 'માફી માંગવાનો પ્રશ્ન જ નથી' : શંકરસિંહ વાઘેલા

નર્મદા,તા.૦૪

સાબગારા ખાતે આદિવાસી સભામાં 'મેલું ઉપાડવા' અંગે આપેલી ટિપ્પણી પર સવર્ણ સમાજના વિરોધ વચ્ચે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ પોતાના નિવેદન બદલ માફી માંગશે નહીં. તેમણે ભાજપ પર અનામત વિરોધી હોવાનો આક્ષેપ કરતા જણાવ્યું કે, વર્ષોથી શોષિત લોકોનું વળતર અનામત છે. તેમણે ડંકાની ચોટ પર કહ્યું કે



તેઓ નિવેદન બદલનારા નેતા નથી. બીજી તરફ, બ્રહ્મ અને પાટીદાર સમાજે આ નિવેદનને આંતરવિગ્રહ ફેલાવનારું ગણાવી ઉગ્ર આંદોલનની ચીમકી આપી છે.

# ૨૦ નવેમ્બરથી શરૂ થનારી ગિરનારની લીલી પરિક્રમાને લઈ તંત્રની યોજાઈ બેઠક

જૂનાગઢ,તા.૦૪

પ્રસિધ્ધ ગિરનારની લીલી પરિક્રમાની તારીખો જાહેર થઈ ગઈ છે. વર્ષ ૨૦૨૬માં કારતક સુદ અગિયારસથી શરૂ થતી આ પવિત્ર પરિક્રમા તા. ૨૦ નવેમ્બરથી શરૂ થઈ ૨૪ નવેમ્બર સુધી યોજાશે. પરિક્રમાને લઈ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાયેલી



પ્રથમ બેઠકમાં લાખો ભાવિકો માટે જરૂરી સુવિધાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. કલેક્ટરે પરિક્રમા રૂટનું સઘન નિરીક્ષણ કરી યોગ્ય આયોજન કરવા સૂચના આપી છે. વરસાદની અછતને ધ્યાનમાં રાખી પીવાના પાણી સહિતની સુવિધાઓ પુરતા પ્રમાણમાં વધારવા જણાવાયુ છે. મહાનગરપાલિકા, માર્ગ અને મકાન વિભાગ તથા સ્ટેટ હાઈવેના રસ્તાઓની મરામત અને રિસર્ફેસિંગ વહેલી તકે પૂર્ણ કરવા પણ તાકીદ કરાઈ છે. જંગલ વિસ્તારમાં વન્ય પ્રાણીઓ સાથે સંઘર્ષ ન થાય તે માટે જનજાગૃતિ, લાઈટિંગ અને સુરક્ષાની વ્યવસ્થા કરવા સૂચના અપાઈ છે. બેઠકમાં પોલીસ, વન વિભાગ અને એસટી નિગમ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# અમદાવાદમાં ઈડબ્લ્યુએસ આવાસમાં ગેરકાયદે રહેતા ૨૯૦ લોકોને નોટિસ, ૪૩ મકાનો સીલ

અમદાવાદ,તા.૦૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા સ્લમ રીહેબિલિટેશન યોજના હેઠળ ફાળવાયેલા ૧૩,૭૭૯ ઈડબ્લ્યુએસ (EWS) આવાસોની તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન નિયમ વિરુધ્ધ ગેરકાયદે કે ભાડે રહેતા ૨૯૦ લોકોને કારણદર્શક નોટિસ આપવામાં આવી છે અને



એક સપ્તાહમાં જરૂરી પુરાવા રજૂ કરવા આદેશ કરાયો છે.

શહેરના વિવિધ ઝોનમાં અત્યાર સુધીમાં કુલ ૪૩ આવાસો સીલ કરવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ ઉત્તર-પશ્ચિમ ઝોનમાં ૫,૯૩૮ મકાનોની તપાસ કરી ૨૮૧ લોકોને નોટિસ ફટકારાઈ છે. તંત્રે સ્પષ્ટ કર્યું છે કે પુરાવાની ચકાસણી બાદ આગળની આકરી કાર્યવાહી કરાશે અને આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રહેશે.

# ભરૂચની જામા મસ્જિદ પ્રાચીન જૈન મંદિર હોવાનો દાવો, પુરાતત્વ વિભાગ પાસે તપાસની માંગ

ભરૂચ,તા.૦૪

ભરૂચની ઐતિહાસિક જામા મસ્જિદને લઈને નવો વિવાદ સર્જાયો છે. મોટી સંખ્યામાં જૈન શ્રધ્ધાળુઓએ મસ્જિદ ખાતે પહોંચીને આ સ્થળ પ્રાચીન જૈન મંદિર હોવાનો દાવો કર્યો છે. જૈન સમાજ અનુસાર, મસ્જિદના સ્તંભો પરની કોતરણી, દેવી-દેવતાઓની આકૃતિઓ અને 'ચૌદ સ્વપ્ન'ના અવશેષો જૈન તથા હિન્દુ સંસ્કૃતિની પ્રતીતિ કરાવે છે, જે 'બોતેર જીનાલય'ના સ્તંભોને મળતા આવે છે.



જૈન સમાજે પોતાની આ ઐતિહાસિક ધરોહર પાછી મેળવવા માંગ કરી છે. હાલ આ સમગ્ર મામલો પુરાતત્વ વિભાગની તપાસ હેઠળ છે, જેની સત્તાવાર માહિતી અને આંકડા આ વિવાદમાં નિર્ણાયક સાબિત થશે.

# દહેગામમાં શંકાસ્પદ ઘી અને પામ ઓઈલનો જથ્થો ઝડપાતા ફૂડ વિભાગ દ્વારા તપાસ તેજ

ગાંધીનગર,તા.૦૪

ગાંધીનગરના દહેગામ તાલુકાના કળાદરા ગામ સ્થિત શ્રી હરિ ઈન્ડસ્ટ્રીયલ પાર્કની 'જાગી જલિયાણ ફેક્ટરી' માં શંકાસ્પદ ઘી અને પામ ઓઈલનો મોટો જથ્થો મળી આવતા ફૂડ વિભાગની ટીમે સઘન તપાસ હાથ ધરી છે. ફેક્ટરીમાં દૂધની પેદાશો વિના જ ઘી બનાવી પામ ઓઈલની ભેળસેળ કરાતી હોવાના આક્ષેપો ઉઠ્યા છે.

વિદ્યાર્થી નેતા યુવરાજ સિંહ દ્વારા જાણ કરાતાં સેન્ટ્રલ અને રાજ્યના ફૂડ વિભાગ તેમજ પોલીસે દરોડો પાડી સેમ્પલ લઈ લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલ્યા છે. યુવરાજ સિંહે તંત્ર અને કારખાનેદારો વચ્ચે સાંઠગાંઠ હોવાનો પણ ગંભીર આક્ષેપ કર્યો છે. હાલ લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.











